વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૬ - અંક : ૧૧

ઑગસ્ટ, ૨૦૧૨



## મૌનએકાંતમાં સ્મરણ

કોઈ કહે છે ભગવાનમાં શ્રદ્ધા નથી, તો હું કહું છું કે શબ્દમાં શક્તિ રહી છે. વિજ્ઞાને તે પુરવાર કરેલું છે. શબ્દને કારણે ધૂન પ્રગટે છે. વિચાર ઓછા આવે છે. બીજા સંસ્કાર મન ગ્રહણ કરે તો તેની અસર ઝાઝી ન થાય. આવું સ્મરણ બહાર ન થાય. અંદર ૧૫-૧૭ કલાક લેવાય છે. કોઈ દલીલ કરે છે. અંદર ખાવાપીવાનું, નાહવા ધોવાનું મળે, તો ઝાડ નીચે બેસીને કેમ ન લેવાય, આની શી જરૂર ? તેનો જવાબ એ છે કે આપણે તે રીતે ટેવાયેલા નથી. સરળતા હોય તો ભગવાનનું નામ સરળતાથી લઈ શકાય. અંદર બેસનારને શરીરથી કશી હેરાનગતિ થાય છે, પણ આપોઆપ મટી જાય છે. કશો વાંધો આવતો નથી. કોઈક અંદરથી લખે કે શરીરને આમ થયું છે. હું તેને હિંમત આપું છું અને સારું થાય છે. મારામાં શક્તિ છે એવું નથી, પણ એવી ચેતનાશક્તિ છે કે ભગવાનને પ્રાર્થના કરવાથી શારીરિક પીડા જતી રહે છે.

- શ્રીમોટા

'મૌનએકાંતની કેડીએ', છઠ્ઠી આ., પૃ.૪૫



## ઘરેણાંનો ઠઠારો ન કરો

બહેનોને મારી પ્રાર્થના છે, કે તમે ગામમાં જાવ, શહેરમાં જાવ તો ગળામાં સોનાની કંઠીઓ-બંઠીઓ પહેરીને ન જાવ તે તમારા માટે સારું છે. આ છાપાંમાં રોજ ને રોજ હું જોઉ છું અને મને જેટલાં બહેનો મળે છે એમને બધાંને કહું છું. તમને કહું છું એમ નહિ....

આ મારી પ્રાર્થના તમારી આગળ વિનંતી રૂપે મેં મૂકી દીધી છે. વિવાહનો પ્રસંગ હોય ત્યારે તમે ઘરમાં પહેરો. પણ બહાર પહેરીને ઠઠારો કરવા નીકળ્યાં - તમારી પાસે પૈસા છે એ દેખાડવાની કોઈ જરૂર નથી. આ તો બધું દેખાદેખી ચાલેલું  છે ભાઈ. એનો કાંઈ અર્થ નથી. આ તો તમારા આ કાળમાં લૂંટી લે છે.

- શ્રીમોટા

*'શ્રીમોટા વાણી નં-૨', પ્ર. આ., પૃ. ૧૦*

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી લક્ષ્મીપ્રસાદ અમીન (ચૅરમૅન)
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રીમતી દર્શિની ઉપાધ્યાય
શ્રી પ્રભુદાસ જાની

**‘હરિભાવ’ અંગે**
૧. ‘હરિભાવ’ દર મહિનાની દસ તારીખે રવાના કરાય છે.
૨. લવાજમ/ભેટની રકમ ‘હરિવાણી ટ્રસ્ટ’ના નામે ‘એટપાર’/ચેક/ડી.ડી./મ.ઑ./રોકડેથી કાર્યાલયના સરનામે મોકલવી. ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
૩. હરિઃૐ આશ્રમ, સુરત, ફોન (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
૪. હરિઃૐ આશ્રમ, નડિયાદ, ફોન (૦૨૬૮) ૨૫૬૭૭૯૪

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**‘હરિવાણી ટ્રસ્ટ’**
રજિ. ઑફિસ : બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

લવાજમ/ભેટ : પત્રવ્યવહાર માટે ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૩૫૮૭૩
E-mail : harivanitrust@yahoo.com

ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯) ૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

**વર્ષ : ૧૬   અંક : ૧૧   ઑગસ્ટ, ૨૦૧૨**

## અનુક્રમ

૧. પદ્યપ્રસાદી ........ શ્રીમોટા ૨
૨. કર્મસંસ્કારો અને ભાવ ........ શ્રીમોટા ૩
૩. હું સ્ત્રી હોત તો – ........ શ્રીમોટા ૪
૪. લોકમાન્ય ટિળક ........ હેમંતકુમાર દશરથલાલ શાહ ૬
૫. આચરણનો પાયો ........ અમૃતલાલ યાજ્ઞિક ૧૦
૬. ગીતાનું રહસ્ય ........ મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા ૧૫
૭. સ્ટીવ જોબ્સની જીવન અંગેની વિચારસરણી ..... સ્ટીવ જોબ્સ ૧૮
૮. ગાંધીસમયના ઉત્તમોત્તમ ભારતીય ... ડૉ. કુમારપાળ દેસાઈ ૨૦
૯. જગત એ મૃત્યુનો મુલક છે ........ શ્રીમોટા ૨૨

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના નડિયાદ નિવાસી સ્વજન આર. એમ. પટેલે તેમના દોહિત્ર **ચિ. ચિરાગ**નાં લગ્ન **ચિ. પ્રિયંકા** સાથે તથા તેમના પૌત્ર **ચિ. ભાવિન**નાં લગ્ન **ચિ. રિમ્પલ** સાથે થયાં તે નિમિત્તે ‘હરિભાવ’ના આ અંક માટે જ્ઞાનદાન આપીને તેમનો ઉમળકો વ્યક્ત કર્યો છે, તે બદલ ‘હરિભાવ’ પરિવાર તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

**– સંપાદક**

# (૧) પદ્યપ્રસાદી

**– શ્રીમોટા**

(૧)

અમારે ને તમારે તે કશું શું વહેંચવાનું છે ?
કશી લેવડ ન દેવડ છે, પછી તકરાર શેની છે ?

જીવનમાં મૈત્રી કેળવવા પરસ્પર દિલ ઝંખે છે,
પરસ્પરમાં પછી ભળવા હૃદય તત્પર નથી શાને ?

પરસ્પરમાં હજી પૂર્ણ, પરસ્પરથી હૃદય-ભાવે
-ભળાતું ના, હૃદય તેનું હજી શૂળ કાં ન પ્રગટે છે ?

મળ્યાં છીએ જીવનમાં જો મળી, ભળીને, ગળી જઈને;
જીવન-લ્હાવો અનુભવવા હવે કૂદી ન કાં પડીએ ?

(૨)

રુઆબી જો જીવનમાં છે બીજા પર કાં ચલાવો છો ?
ખૂણો તમ વાંકોચૂકો કાં અવરને ખૂંચવા દો છો ?

જીવનની મસ્તીનો સાચો હૃદય પ્રગટેલ રુઆબ,
હૃદય નિસ્પૃહતા કેરો ફૂટી શો નીકળે આપ !

જગતજન સમજી ના શકશે જીવનની મસ્તી એવાની,
જીવનના મસ્ત ખેલાડી ધરે પરવા ન કૈં તેવી.

જીવનની મસ્તીથી ખેલે નશો એનો અનોખો છે,
બધાં સાથે હળે કેવો છતાં તરતો રહે શો તે !

(૩)

જીવનની જો પડી ના છે, જીવનને કાજ પછી યત્ન
-તમારાથી થવાના ના, મરી મથતાં ભલે છેક.

તમારું સૌ કરી દેશે બીજું કોક 'હૃદય શ્રદ્ધા
-જીવંતી જો તમારી હો' પછી તેવી ન કાં સ્પૃહા ?

ગરજ સાચી પૂરેપૂરી તમારે જો અમારી છે,
પછી વરતાય છે તેમ ન કેમ શું જીવનમાં તે ?

વળગવાનું કર્યે ખાલી નીપજવાનું કશું ના છે,
વળગવું હો જુઓ વળગી જીવન યાહોમ કરી દઈને.

(૪)

તમે જો મારી પાસેથી કશુંક મેળવવું ઇચ્છો છો,
ગરજ તેવી તમારામાં મને ના કાં જણાયે છે ?

તમારાં મનહૃદય મુજને પૂરેપૂરાં સમર્પી દો,
પ્રયોગ તે કરી જોઈ અનુભવી લ્યો બને છે શું ?

નકામા તે પછી દિલ જો અમે પુરવાર થઈ જઈએ,
અમો પર થૂંકજો પ્રેમે અને ફિટકાર સૌ દેજો.

જીવનમાં જે મળેલાં છે હૃદય વીનવું હું તે સહુને,
મને એક વાર અજમાવી જુઓ, સન્માર્ગ પળવાને.

'જીવનલહરિ', પ્ર.આ., પૃ.૧૮૯,૧૯૧,૧૯૨,૧૯૫ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના શરીર સંબંધે લઘુ બંધુ સ્વ. મૂળજીભાઈ આશારામ ભક્તના પુત્ર **અનિલભાઈ ભક્ત**નું તા. ૧૭-૭-૨૦૧૨ના રોજ હાર્ટ એટેકથી દમણ મુકામે અવસાન થયું છે. શ્રીહરિ ગતાત્માને શાંતિ આપે એવી પ્રાર્થના. **– સંપાદક**

# (૨) કર્મસંસ્કારો અને ભાવ

– શ્રીમોટા

અનેક જન્મના સંસ્કારો આપણા સૂક્ષ્મ શરીરમાં હોય છે. મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્ એ આપણા શરીરનું બીઈંગ (હોવાપણું)—સૂક્ષ્મમાં સૂક્ષ્મ બીઈંગ છે. એ નાનામાં નાનું—ઍટમથીય નાનું છે. એને અંગુષ્ઠ પ્રમાણ કહ્યું છે. એ માત્ર લંબાઈવાળું છે. એને થિકનેસ (જાડાઈ) નથી. તેની અંદર આ બધા સંસ્કારો હોય છે.

આપણા સ્થૂળ શરીરની પ્રવૃત્તિ પાછળ કોઈ ધ્યેય ન હોય તો જેમ આપણે ગમે તેમ રખડીએ છીએ, તેમ સૂક્ષ્મ શરીર જે આપણામાંથી મૃત્યુ સમયે નીકળે છે, તે પણ ગમે તેમ રખડે છે. આપણે જીવતા જાગતા ભલે બધું કામ કરતાં હોઈએ, પણ આપણે રખડીએ છીએ એમ ગણાય, કારણ કે આપણે ધ્યેય વગરના છીએ. કોઈનું અપમાન કરવાનો મારો હેતુ નથી. મારો હેતુ તો સમજાવવાનો છે. આપણી પાસે કોઈ ધ્યેય નથી કે જીવન શા માટે મળ્યું છે. એટલે માત્ર પ્રવૃત્તિ કરવા ખાતર અને એ કર્યા વિના આપણને ચાલે તેમ નથી. કરવું જ પડે તેમ છે એટલે કરીએ છીએ. એ જે પ્રવૃત્તિ કરે છે, એની પાછળ તેનો હેતુ નથી. એટલે તેનું ફળ મળતું નથી. ફળમાત્ર સંસ્કાર હોય છે. એટલે એ સંસ્કાર પાછા એ જાતના ગાઢ – એ જ જાતના હેતુ વિનાના છે. આપણે આ જે કર્મ કર્યાં અને જે સંસ્કારો થયા એ આપણા ચિત્તમાં પડે છે. એ સંસ્કાર અત્યારે ને અત્યારે ફલિત થાય એના કરતાં એ સંસ્કાર પછીના જન્મમાં વધારે ગાઢ થવાના, અને પાછા તે જ પ્રકારનાં કર્મમાં આપણને વધારે ગાઢ રીતે સાંકળી દેવાના. એટલે સત્પુરુષોએ એમ કહ્યું કે એ સંસ્કારને તમારા ચિત્તમાં પડવા જ ના દેવા. એ બહાર નીકળી જાય તેવું કરજો. દા.ત. એક વિચાર આવ્યો કે મારે આમ કરવું છે, તો એ બહાર નીકળી જાય તેવું કરજો. એટલે ખલાસ, કારણ કે આપણે જીવ છીએ. આ વાત જરા એવી છે કે કોઈના મગજમાં ન ઊતરે, પણ વાત સાચી છે.

આપણે માણસ છીએ. એટલે આપણને સારા વિચાર પણ આવશે અને ખરાબ વિચાર પણ આવશે. એની કોઈ ના નહિ પાડી શકે. માણસ છીએ એટલે આપણને સદ્‌વિચાર આવશે અને અસદ્‌વિચાર પણ આવશે, ત્યારે તે સંસ્કાર સંઘરવા નથી એ વાત તો ચોક્કસ. આપણે નિઃસ્પૃહી છીએ. એટલે જે વિચાર આવે તેનો અમલ કરી દેવો. બીજા સમજે કે ના સમજે તેની આપણને દરકાર નથી. હવે તેમ કરતાં બીજો વિચાર આવે કે એ તમે કરો તો એના સંસ્કાર આવ્યા કે નહિ ? હવે આપણું ચિત્ત આકાશ જેવું નિર્મળ થયેલું નથી. એટલે એ સંસ્કાર પણ પડ્યા, તો એ સંસ્કાર ક્યાં જવાના ? અને કેવી રીતે એને તમે કાઢવાના ? એટલે એ વિશે આપણા લોકોએ (સત્પુરુષોએ) વિચાર કર્યો કે સકળ કર્મ કરતાં કરતાં ભગવાનના ભાવમાં રહો. પ્રભુનું સ્મરણ કરો કે ગમે તે ઉપાય લ્યો, પણ ભગવાનના ભાવમાં રહો.

ભગવાનનો ભાવ એટલે શું ? તો ભાવ, સત્ત્વ, રજસ અને તમસથી પર છે. ભાવમાં કોઈ જાતનું બંધન નથી. કર્મ કરતી વખતે તમે સંપૂર્ણ ભાવમાં રહ્યા તો કોઈ નવો સંસ્કાર તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ગમે તેવું હોય – કોઈ પણ સંસ્કાર – તે તમારા ચિત્તમાં પ્રવેશી નહિ શકે. ભાવ જો ત્યાં આગળ સ્થિર થઈને જીવતો જાગતો ચેતનાત્મક રહ્યો, તો ત્યાં આગળ કોઈ ગુણનો પ્રવેશ નથી, કેમ કે ભાવ પ્રકૃતિથી પર છે. એટલે આપણા લોકોએ કહ્યું કે આપણામાં આ ભાવ કેળવાય તો આ બધું કરવા છતાં, આ સંસાર ભોગવવા છતાં પણ તે તમને લાગશે નહિ. એટલે કે તેના સંસ્કાર પડશે નહિ. માટે ભાવ કેળવો.

'એકીકરણ-સમીકરણ', પ્ર.આ., પૃ. ૯૦ ❑

# (૩) હું સ્ત્રી હોત તો –

– શ્રીમોટા

હું તો પરણેલી બહેનોને કહું છું કે એ આપણાં નયણાંનો નચાવનારો—છેલછબીલો-છોગાળો—ને હૃદયનો ચોર બનીને આપણા જીવનને થનગનાટ નચાવી નચાવી આપણા જીવનને આનંદના આકાશમાં હિલોળે ચડાવે એવો નાવલિયો કરવો જોઈએ ! સામાન્ય મરઘા-મરઘી કે કૂતરા-કૂતરી જેવું જીવન આપણે કાજે તુચ્છ છે. એવું જીવન એ તો કાદવમાં ખદબદતા કીડાના જેવું જીવન છે. એમાં આનંદ શો ? જે આનંદની પાછળ સમર્પણ નથી, ત્યાગ નથી, તે આનંદ કદી પણ લાંબો સમય ટકી શકતો નથી. જેને પોતાના જીવનનું સર્વસ્વ માન્યું એને માટે જો ફના થઈ જવાનો દિલમાં દિલથી ઉમળકો ન જાગી શક્યો તો ફટ છે આપણું જીવવું...

પતિપત્ની એકબીજાથી જુદાં નથી. પતિના જીવનમાં એકરસથી ભળી જવાની કળા બહેનોએ પૂરેપૂરી શીખી લેવાની છે. આપણને એનું કશું પણ અન્યથા ન લાગવું ઘટે. એનું કશું પણ આપણા મનમાં ખટક્યા કરે એવું આપણને ન જ થવું જોઈએ. અને સરળતાથી સાફ દિલે એનામય થઈને એનામાં એકભાવે રમ્યા કરીએ. ને એ રીતે એને કંઈ પૂછવાનું બને તો તે જરૂર પૂછીએ. પણ મનમાં ઘોળ્યા કરવાનું તો કદી પણ ન રાખવું.

રસોઈ કરવાની તેમ જ જમવા જમાડવાની બાબતમાં મારે ખાસ કહેવાનું છે. ભગવાને ભલે ગમે તેટલા પૈસા આપ્યા હોય તોપણ જાતે જ રસોઈ કરવી. ભજન ગાતાં ગાતાં રસોઈ કરવી અને પ્રેમભક્તિભાવથી પોતાના પતિને જમાડવો. બહુ મોટા કુટુંબની વધુ રસોઈ કરવાની હોય તો રસોઇયાની ઉપર ઉપરની મદદ જરૂર લઈ શકાય. જે ઘરમાં સ્ત્રીઓ માત્ર રસોઇયા ઉપર આધાર રાખે છે એમના રસોઇયા ચડી વાગેલ હોય છે. ઘણી વાર બડબડ પણ કરતા હોય છે. પણ જો સ્ત્રીને રસ લઈને રસોઈ કરતી એ જોશે તો એવો બડબડાટ એ નહિ કરે...

હિંદુ સ્ત્રીઓ માટે પતિનું ઘર એ જ એનું ઘર છે. જે પોતાના જીવનસાથીને સદાય પ્રસન્ન રાખે છે, એને ખુશ રાખવાને જે વિચારે છે અને ચિંતવન કરે છે તે પત્નીને તેનો પતિ પણ સદાય સુખી રાખે છે. પોતાના પતિથી કશુંય બોલાયેલું આપણે મનમાં રાખવું નહિ એને તો બહાર કામ કરવાનું હોવાથી ઘણાં સાથે ઝઘડવું પડે. એના મનમાં ઘણા બખેડા હોય ને તેથી મનમાં શાંતિ ન પણ હોય. ને અનેક વિચારોથી એનું મન ડહોળાયેલું હોય, ને એવું અનેક પ્રકારની ગૂંચોમાં હોય. તેથી એમના બોલવા સામે જરાય ઓછું આણવું નહિ. એના મનમાં સરળતા, શાંતિ, આનંદ, નિરાંત રહ્યાં કરે એવું વાતાવરણ આપણે રાખવું એ આપણો ધર્મ છે.

ભૂલેચૂકે પણ કોઈનો દોષ, ભૂલ જોવાઈ જાય તો પોતે મનને ઠપકો આપવો. આપણે આપણા દોષો જોવા અને સુધારવા તનતોડ મહેનત કરવી. બધાં પ્રત્યે સારી રીતે વર્તવું. આપણે કદી પણ મનમાં રીસ, ચીડ કે એવું ભરી રાખવું નહિ. કોઈના પર મનમાં આવ્યું હોય તો સમાધાનથી, શાંતિથી ખુલાસો કરી લેવાનું રાખવું.

આપણને જીવનમાં જે કંઈ મળે છે એનાં બીજ આપણે જ વાવેલાં છે. માટે આપણાં દુઃખનું કારણ આપણે બીજાને ન માનતાં પોતાની જાતને જ તે માટે જવાબદાર ગણવાનું રાખીને આપણામાં રહેલાં

દોષો કે કુટેવો સુધારવામાં જ જો આપણે જાગ્રત રહીશું અને તે માટે મથામણ કરતા રહીશું તો જાતે સુખી થઈશું અને બીજાને પણ સુખી કરી શકીશું...

જે સ્ત્રી પોતાના પતિ આગળ પોતાનો આંકડો ઊંચો રાખે છે તે સ્ત્રી કદાપિ પોતાના પતિના હૃદયમાં પોતાનું સાચું સ્થાન મેળવી શકવાની નથી. આપણને જે પુરુષ પતિ તરીકે મળ્યો છે, એનામાં ઉત્તમ ગુણ જોવાની ભાવના–દૃષ્ટિ કેળવવી એ આનંદભર્યા જીવન માટે ખૂબ જ જરૂરી છે. જો આ પ્રમાણે વર્તાય તો લગ્નજીવન કેટલું બધું સુખી થઈ શકે !...

વાણી ક્લેશ કરાવે છે ને વાણી પ્રેમ વધારે છે. જીવનના સુખનો આધાર જીભ ઉપર રહેલો છે. એટલે આપણને જે જીવન મળ્યું છે તે તો આનંદ ઉપજાવવા અને આનંદ કરવા માટે. જીવનમાં આનંદ હંમેશાં ત્યાગથી જ મળે છે. અને ત્યાગ વિના આનંદ ટકતો નથી. એ સંકુચિત બની જાય છે. આપણે જીવનમાં જેને મળ્યાં તેનામાં એકભાવે સમાઈ જવામાં જો આઠે કોઠે દીવા ન પ્રગટે તો આપણું જીવતર ધૂળ છે...

સ્ત્રીએ સાસરાની વાત પિયરમાં કોઈને કહેવી નહિ ને પિયરની વાત સાસરામાં કોઈને કહેવી નહિ. આપણું સાચું ઘર તે સાસરું છે. પહેલાં માબાપ ખરાં, પણ આપણે જિંદગીનો મોટો ભાગ સાસરે ગાળવાનો છે. એટલે તે આપણું ઘર. તેથી સાસરાના ઘરમાં વિશેષ પ્રીતિ દૃઢાવીને સાસરાનું જ્યાં ઘસાતું બોલાતું હોય ત્યાંથી હઠી જવું. એવી વાતોમાં ભાગ લેવાનું રાખવું નહિ. દુનિયાદારીમાં લોકો જ્યાં પતિનું ખરાબ બોલતા હોય ત્યાં જરાકે ઊભા રહેવું નહિ. એમ કરવાથી સામાને ભલે ખરાબ લાગે તો લાગવા દેવું. આમ, આપણે પતિને મન, વચન અને ભાવનાથી વફાદાર રહેવું.

ઘરકામની સર્વ પ્રકારની આવડત અને કળા-કૌશલ્ય સ્ત્રીમાં પ્રગટવાં જોઈએ, ઘરખર્ચનો હિસાબ-કિતાબ રાખવો જોઈએ. દાણાદૂણી, મસાલા કેમ સાચવવા, તે બગડે છે કે કેમ તે જોતાં રહેવું. માણસો પાસેથી કામ લીધા કરવું. ઘરનું રાચરચીલું સુંદર, કળાત્મક રીતે વ્યવસ્થાપૂર્વક ગોઠવાયેલું રહે એમ કરવું. ખૂણેખાંચરે બાવાં-જાળાં બાઝ્યાં હોય તો તે સાફ કરાવવાં કે કરવાં. ઘરમાં શું ખૂટતું-વધતું છે એનો ખ્યાલ હોવો જોઈએ.

આપણા વહાલા પર સર્વભાવે વારી જઈને એની સર્વ સગવડ ને સરળતા આપણે જોયા કરીએ. એને શું ભાવે છે ને શું નહિ, એનું જ્ઞાન સહજમેળે આપણને અંતરમાંથી સ્ફુરવું જોઈએ. એને સર્વ રીતે પ્રસન્ન રાખ્યાં કરવાનાં સ્વપ્ન આદર્શ મનમાં રચાયાં કરતાં હોવાં જોઈએ. આપણો ધર્મ હૃદયની સદ્‌ભાવનાથી પાળતા થઈ જઈશું તો તે પણ પાળશે. પતિને ગુસ્સે થવાનું કોઈ કારણ જ ન મળવું જોઈએ.

ઘરસંસારમાં જે સ્ત્રી સૌથી પહેલાં પોતાના પતિને રાજી ના કરી શકી તે સ્ત્રી, સ્ત્રી જ નથી. પતિ પરનો હૃદયનો સાચો પ્રેમભાવ હોય તો એના કાજે એને પ્રસન્ન રાખવા કાજે મૃત્યુ પણ વહાલું લાગવું જોઈએ. પતિપત્ની વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. પતિ જ સર્વસ્વ છે, એના વડે જ સ્ત્રીનું જીવન છે. એ જ જીવનનો ઉત્તમમાં ઉત્તમ શૃંગાર છે. એ હું સ્ત્રી હોત તો આ રીતે જીવી બતાવત.

'દાંપત્યભાવના', પ્ર.આ., (સંકલન) ❑

## (૪) લોકમાન્ય ટિળક

– હેમંતકુમાર દશરથલાલ શાહ

લોકમાન્ય ટિળકનું નામ સાંભળતાં જ આજે સૌ ભારતવાસીઓ ગૌરવ અનુભવે છે. અંગ્રેજ સરકારના અત્યાચારો સામેના એ એક અજબ લડવૈયા હતા. નૂતન ભારતના એ એક અનોખા લડવૈયા હતા. ભારતની ડૂબતી નૈયાને કિનારે લાવવા મથતા એ એક અનેરા ખેવૈયા હતા. તેમના દેહવિલયને ૫૬ વર્ષ થયાં પણ સાચે જ, જીવનભરના એ કર્મયોગીની સિદ્ધિઓ એવી સંગીન અને મહાન છે કે લોકસ્મૃતિમાં લોકમાન્ય હજી આજેય એટલા જ જીવંત છે અને સદૈવ રહેશે.

'સ્વરાજ એ મારો જન્મસિદ્ધ હક્ક છે અને તે હું લઈને જ જંપીશ'નો રાષ્ટ્રીય મંત્ર આપનાર બાળ ગંગાધર ટિળકનો જન્મ ૧૮૫૭ની ક્રાંતિના આગલા વર્ષે થયો હતો. ૧૮૫૬ની ૨૩મી જુલાઈના રોજ. બરાબર દસ મહિના પછી ૧૮૫૭ના મે માસમાં પરદેશી સરકાર સામેનું પ્રથમ સ્વાતંત્ર્યયુદ્ધ ફાટી નીકળ્યું. ટિળકનો જન્મ આવા ક્રાંતિકારી વાતાવરણમાં થયો હતો. તેમના જન્મકાળે શરૂ થયેલી રાષ્ટ્રપ્રેમની અને આઝાદીની હવામાં જ ટિળકનો ઉછેર થયો.

નાનપણથી જ તેઓ વિદ્યાવ્યાસંગી હતા. સંસ્કૃતના અધ્યયનનો અનુરાગ એમને એમના પિતાએ જગાડ્યો હતો. ભારતની પ્રાચીન સંસ્કૃતિની ઉપાસના પણ બાલ્યકાળથી જ શરૂ થઈ હતી. પૂનાની સુપ્રસિદ્ધ ડેક્કન કૉલેજમાંથી એમણે પ્રથમ શ્રેણીમાં માન સહિત બી.એ.ની પરીક્ષા પસાર કરી. ત્યાર બાદ મુંબઈ આવી કાયદાનો અભ્યાસ કર્યો અને ૧૮૭૯માં એલએલ.બી. પસાર કરી. વકીલાતનો ઊંડો અભ્યાસ કર્યો છતાં એમણે વકીલનો ધંધો કદી ન કર્યો, પરંતુ એમના એ જ્ઞાને એમને સાર્વજનિક ક્ષેત્રમાં પ્રવેશ કરવામાં સારી મદદ કરી.

સ્વતંત્રતાનો મિજાજ ટિળકના જીવનના બધા જ તબક્કાઓમાં બરાબર દેખા દે છે. વિદ્યાભ્યાસમાં, શિક્ષણમાં, સમાજસુધારણામાં, રાજકારણમાં કે વિદ્વત્તાના ક્ષેત્રમાં ટિળક તેમના આગવા વ્યક્તિત્વ સાથે અડગ નિશ્ચયબળથી આગળ વધ્યા હતા. એક સ્વતંત્ર પ્રજાના જાગ્રત નાગરિકનો આદર્શ નમૂનો તેમણે એવા કાળે પૂરો પાડ્યો કે જ્યારે મોટા ભાગના લોકનાયકો પણ પરદેશી સરકારનું ભારતમાં ચાલુ રહેવું એ હિંદુસ્તાનના હિતમાં છે એમ માનતા હતા. જે કાળે ટિળકે સ્વરાજ્યનો બુલંદ અવાજ ઉઠાવ્યો તે કાળે તેમણે કરેલું એ સૌથી ભારે હિંમતનું અને સાહસનું કાર્ય હતું. પરવશતાની લાગણીથી હતાશ થયેલી પ્રજાને બેઠી કરવાનો લોકમાન્યનો પ્રયાસ અપૂર્વ હતો. શ્રી દાદાભાઈ નવરોજીએ જે 'સ્વરાજ્ય' શબ્દ આપ્યો તે શબ્દને લોકમાનસમાં પ્રચલિત કરવાનું શ્રેય લોકમાન્યને ફાળે જાય છે. ગાંધીજીના આગમન પહેલાં સામાન્ય જનતાને જાગ્રત કરવાનો હિંમતભર્યો પ્રયાસ કરનાર ટિળક સહુ પ્રથમ હતા. જે પ્રતિકૂળ સંજોગોમાં તેમણે કામ કર્યું તે જોતાં ટિળકે લગભગ એકલે હાથે ચલાવેલી લડતો અસાધારણ જ કહી શકાય.

૧૮૮૦માં ૨૪ વર્ષની યુવાન વયે ટિળકના જાહેર જીવનની શરૂઆત શિક્ષણના ક્ષેત્રથી થઈ. પૂનામાં 'ન્યૂ ઇંગ્લિશ સ્કૂલ' બિનસરકારી રાહે ચલાવવાનો પ્રથમ અને સફળ પ્રયત્ન તેમણે કર્યો. ટિળકના મનમાં શિક્ષણ સ્વરાજ્ય મેળવવાનું સાધન છે તે વાત સ્પષ્ટ હતી. તેથી જ તે વખતે તેમના મનની અભિલાષાઓ ઘણી વિશાળ અને ગહન હતી.

સ્વરાજ્ય માટેના પુરુષાર્થનું બીજું પગલું ટિળક પત્રકારત્વના ક્ષેત્રમાં ઉઠાવે છે. લોકોની આત્મશ્રદ્ધા અને તેમના સ્વાભિમાનને જગાડવા માટે વર્તમાનપત્ર મારફતે લોકશિક્ષણ કરવાનો વિચાર ટિળકને આવ્યો અને આ કામ માતૃભાષા મારફતે જ અસરકારક રીતે થઈ શકે એટલે મરાઠી ભાષામાં 'કેસરી' નામનું છાપું શરૂ કર્યું. આ પત્રની જ અંગ્રેજી આવૃત્તિ 'મરાઠા' એ નામે શરૂ કરવામાં આવી. 'કેસરી'ના સંપાદક તરીકે ટિળકે જે નીડરતા બતાવી છે તે તે કાળના સંજોગોમાં અસામાન્ય હતી. 'આ પત્રમાં કોઈ પણ વિષયનું જે વિવેચન કરવામાં આવશે તે નિષ્પક્ષ બુદ્ધિથી અને અમને જે સાચું લાગે તેને અનુસરી કરવાનો અમારો દઢ સંકલ્પ છે.' આ શબ્દોમાં 'કેસરી'ની સંપાદકીય નીતિની જાહેરાત કરવામાં આવી હતી. પ્રજાને જાગ્રત કરવા માટે સત્યને નીડરતાથી રજૂ કરવાની જરૂરિયાત વિશે ટિળક ઘણા આગ્રહી હતા. આ પત્રો માટે તેમના ઉપર બદનક્ષીની ફરિયાદ થઈ અને ચાર માસની જેલ ભોગવી.

સ્વરાજ્ય માટેની મથામણનું બીજું ક્ષેત્ર સમાજ-સુધારણાનું હતું. ગણેશ ઉત્સવને તેમણે સમગ્ર પ્રજાનો મહોત્સવ બનાવ્યો. ટિળક પણ આ ઉત્સવના આયોજનથી સામાન્ય જનતાની વધુ નજીક આવ્યા. આવો જ પ્રયાસ તેમણે શિવાજી ઉત્સવની શરૂઆત કરીને એક રીતે પ્રજાની સીધી રાજકીય જાગૃતિ કરવાનો કર્યો. સમાજસુધારાનું આંદોલન જેટલે અંશે રાજકીય સ્વરાજ્ય મેળવવામાં પોષક હોય તેટલે અંશે જ તેમને તે સ્વીકાર્ય હતું.

૧૮૯૬માં મહારાષ્ટ્રમાં પડેલા દુકાળ પ્રસંગે અને ૧૮૯૭માં ફાળી નીકળેલા પ્લેગ પ્રસંગે પ્રજાને હિંમતભરી દોરવણી આપવાનું કામ ટિળકે કર્યું હતું.

પ્રજામાં વધી રહેલી જાગૃતિએ કેટલીક જગ્યાએ હિંસાનું રૂપ ધારણ કર્યું. સરકારે દમનનો દોર ચલાવ્યો તેથી ટિળકે પરિણામની પરવા કર્યા વિના 'સરકારનું માથું ઠેકાણે છે કે ?' એમ કહીને પોતાની નીડરતાનો પરિચય આપ્યો.

આમ ૧૮૯૭માં પોતાના પત્ર 'કેસરી'માં ઉશ્કેરણીજનક લખાણ છાપવા માટે સરકારે ટિળક પર રાજદ્રોહનો કેસ કર્યો અને તેમને દોઢ વર્ષની સખત કેદની સજા થઈ હતી. ટિળકે રાષ્ટ્રીય મહાસભા મારફતે રાજકારણમાં સીધો પ્રવેશ કર્યો હતો. કૉંગ્રેસને રાષ્ટ્રીય જાગૃતિની સર્જક બનાવવાનો પ્રયાસ ટિળકે કર્યો. જેલમાંથી છૂટ્યા બાદ 'હું જે કરતો આવ્યો છું, તે જ કરવાનો છું' એમ કહીને પોતાની સ્વરાજસાધના ચાલુ રાખી.

ટિળકનો એકેએક શબ્દ તે વખતે પ્રજાની રાષ્ટ્રીય જાગૃતિને જ્વલંત કરતો હતો. તેઓ પોતાના જમાનાનું એક મહાન બળ હતા. લાલ, બાલ અને પાલની તે વખતની પ્રખ્યાત ત્રિપુટી હતી. લાલ એટલે લાલા લજપતરાય, બાલ એટલે બાળ ગંગાધર ટિળક અને પાલ એટલે બિપિનચંદ્ર પાલ. ઈ.સ. ૧૯૦૭ની સુરતની કૉંગ્રેસ વખતે કૉંગ્રેસમાં ભંગાણ પડ્યું. જહાલ અને મવાલ પક્ષો પડ્યા. જહાલ પક્ષના નેતા લોકમાન્ય હતા. આ પક્ષ ક્રાંતિકારી હતો અને 'શઠં પ્રતિ સાઠ્યં' 'જેવા સાથે તેવા' થઈને કામ કરવામાં માનતો હતો. જ્યારે મવાલ પક્ષ બંધારણીય રીતે કામ કરવામાં માનતો હતો. જહાલ પક્ષના એક નેતા તરીકે અને તે વખતના સર્વોચ્ચ કોટિના નેતા તરીકે તેમણે જે હિંમત, નીડરતા, સ્વાતંત્ર્યપ્રિયતા અને સત્યપ્રિયતા દાખવ્યાં હતાં તે ખરેખર ખાસ પ્રશંસાને પાત્ર છે.

અનેક કસોટીઓમાંથી પસાર થતાં થતાં ટિળક તેમનો ભારતની આઝાદી માટેનો પુરુષાર્થ પોતાની આત્મશ્રદ્ધાના જોરે આગળ વધારી રહ્યા હતા.

બંગભંગની ચળવળ વખતે પરદેશી સરકારે શરૂ કરેલા દમનની સામે તેમણે ફરી અવાજ ઉઠાવ્યો અને ફરીથી તેમના પર રાજદ્રોહનો મુકદ્દમો ચલાવવામાં આવ્યો. તેમને છ વર્ષની કેદની સજા થઈ. તે વખતે ટિળકે આઝાદ દેશના નાગરિકની ખુમારીનું દર્શન કરાવતાં કહ્યું હતું કે, 'જૂરીએ મને દોષિત ઠરાવ્યો છે તો ખુશીથી ઠરાવો, પણ હું ગુનેગાર નથી. લૌકિક દૃષ્ટિનું નિયંત્રણ કરનારી એક શક્તિ આ ન્યાયાસન કરતાં પણ ઊંચી છે. મારે આ શિક્ષા સહન કરવી જ રહી. કદાચ આ શિક્ષા ખમીને જ હું મારા કાર્યમાં વૃદ્ધિ કરી શકું એવી ઈશ્વરની ઇચ્છા હશે.' તેમને છેક બ્રહ્મદેશમાં નજરકેદ રાખવામાં આવ્યા. છ વર્ષના આ કારાવાસનો ઉપયોગ આ પુરુષાર્થી વિદ્વાને 'કર્મયોગ' અથવા 'ગીતારહસ્ય'નો મહાન ગ્રંથ લખવામાં કર્યો અને ગીતાના કર્મયોગની વાતને ભારપૂર્વક સિદ્ધ કરી. આ ઉપરાંત જેલમાં તેમણે 'ઓરાયન', 'આર્કટિક હોમ ઇન વેદાઝ', 'વેદાંત જ્યોતિષ' અને 'વેદોનો કાલનિર્ણય' નામના મહત્ત્વના ગ્રંથો લખ્યા જે તેમની અગાધ વિદ્વત્તાનાં પ્રતીક છે. ગણિત, સંસ્કૃત અને વિજ્ઞાન, આ ત્રણેય વિષયોની જીવનભરની ઉપાસનાના ફલરૂપ આ ગ્રંથો આજે પણ સંશોધનક્ષેત્રે આધારશિલાની પ્રતિષ્ઠા ભોગવે છે.

લૉર્ડ કર્ઝનના આપખુદ શાસને લોકમાન્યની દેશભક્તિને પડકાર કર્યો. એમણે એ આહ્‌વાન ઝીલી લીધું અને બતાવી આપ્યું કે રાષ્ટ્રભક્તિ અને સ્વાતંત્ર્યની જ્યોત જુલમના ઝંઝાવાતથી પણ કદી હોલવાતી નથી પણ વધુ પ્રજ્વલિત બને છે. ૧૯૧૬માં લોકમાન્યે હોમ રૂલ લીગની સ્થાપના કરી. ૧૯૧૬માં લખનૌમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું અને તેમાં એમણે હિંદુમુસ્લિમ ઐક્યની ભાવનાનાં મંડાણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ૧૯૧૯માં રૉલેટના કાળા કાયદા સામે લોકમાન્યે લડત આપી. તેમને મન સત્યાગ્રહનું મહત્ત્વ કેવળ સાધન પૂરતું હતું. ગાંધીજીને મન સત્યાગ્રહ એ જીવનનું દર્શન હતું. આ બાબત પરત્વે લોકમાન્ય ગાંધીજીથી જુદા પડતા હતા. તથાપિ તેઓ દેશભરમાં ઘૂમ્યા અને સત્યાગ્રહની હવા જન્માવી.

૧૯૨૦ની સાલમાં લોકમાન્યની તબિયત લથડી. તેઓ ગંભીર માંદગીમાં પટકાયા અને પહેલી ઑગસ્ટના દિવસે તેઓ મૃત્યુ પામ્યા. અંતિમ માંદગી દરમિયાન ચિત્તની અભાન અવસ્થામાં પણ જાણે વ્યાખ્યાન કરતા હોય એમ તેમના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યા હતા કે, 'I am quite sure and you may also believe in me that India will not prosper unless she gets Swaraj.' સ્વરાજ્ય માટેની લોકમાન્યની આ અદમ્ય ઝંખના જીવનના અંત સુધી રહી હતી.

'લોકમાન્ય' એ એમને મળેલો કોઈ સરકારી ખિતાબ ન હતો પણ લોકોએ તેમને ઉમળકાભેર અર્પેલું બિરુદ હતું. પ્રજાની અનેક આપત્તિઓ વેળા તેમની માનવતામાં જુવાળ આવતો અને પોતે સઘળાં કામ પડતાં મૂકી લોકસંકટનિવારણના કાર્યમાં પ્રવૃત્ત થતા હતા. આમ તેઓ સાચા કર્મયોગી હતા અને પ્રજાને જાગ્રત કરી કર્મયોગને માર્ગે વાળવાનો તેમણે સંપૂર્ણ સફળ પ્રયોગ કર્યો હતો.

આ તપસ્વી ધર્મનિષ્ઠ બ્રાહ્મણ સ્વભાવે તો જ્ઞાનાર્જન, સત્યસાધના અને એકાંત મનન-ચિંતન માટે જ જન્મ્યા હતા. પરંતુ ભારતનો આર્તનાદ અને સ્વતંત્રતાની તમન્નાએ એમની પાસે અજબ સેવા કરાવી હતી. એ જન્મ્યા ભારતની જાગૃતિ માટે, જીવ્યા ત્યાં સુધી ઝઝૂમ્યા પણ એ જ અણમૂલા કાર્ય માટે, એ મરીને અમર પણ થયા એ જ મહાન ધર્મ માટે.

'નવજીવન'ના ૮મી ઑગસ્ટ ૧૯૨૦ના અંકમાં લોકમાન્યને અંજલિ આપતાં ગાંધીજીએ લખ્યું હતું કે, 'લોકમાન્ય તો એક જ હતા. રાજાએ આપેલા ઇલકાબ કરતાં લાખગણી કિંમત ટિળક મહારાજને લોકોએ આપેલા ઇલકાબની હતી એ દેશે સાબિત કરી આપ્યું છે... આવું મૃત્યુ આજ લગી આ જમાનામાં કોઈ લોકનાયકને ભાગે નથી આવ્યું. દાદાભાઈ ગયા, ફિરોજશાહ ગયા, ગોખલે પણ ગયા. બધાની પાછળ હજારો સ્મશાને ગયા હતા, પણ ટિળકે અવધિ વાળી ! તેની પાછળ તો આખું જગત ગયું. મુંબઈ રવિવારે ઘેલું થઈ ગયું હતું. સ્વરાજ્યનો મંત્ર જેટલે દરજ્જે તેમણે જપ્યો તેટલે દરજ્જે બીજા કોઈએ નથી જપ્યો... સ્વરાજ્ય મેળવવાની પોતાની અધીરાઈનો ચેપ તેમણે પ્રજાને લગાડ્યો ને જેમ તે લાગતો ગયો તેમ તેમ પ્રજા તેમની તરફ દોરવાતી ગઈ... તેઓ અત્યંત સાદા હતા...તેઓ બહાદુર હતા...તેઓ વિચારશીલ હતા...તેઓ વિદ્વાન હતા...તેઓ સ્વદેશીના શોખીન હતા...તેમનો દેશ પ્રત્યે અગાધ પ્રેમ હતો. આપણે પણ તેવો પ્રેમ આપણા જીવનમાં ખીલવીએ ને યથાશક્તિ દિનપ્રતિદિન દેશસેવામાં વધારે ને વધારે પરાયણ થઈએ. ટિળક મરીને પણ આપણને જીવવાનો મંત્ર આપી ગયા છે.'

આજે તેમની સકલ ગુણસંપત્તિને આપણા જીવનમાં દૃઢીભૂત કરવાનો આગ્રહ રાખી સ્વરાજ્યની આગેકૂચમાં આપણાથી બનતું બધું જ કરી છૂટીએ.

❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | આર. એમ. પટેલે તેમના કૌટુંબિક શુભપ્રસંગ નિમિત્તે | નડિયાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | પ.પૂ. સ્વામી શ્રીકૃષ્ણાનંદજી મહારાજ ભાદરણવાળાની જન્મ તા. ૨૬-૮-૧૯૨૦ તથા પુણ્યતિથિ તા. ૩-૮-૧૯૮૯ નિમિત્તે એક સેવક તરફથી | સુરત | ૫,૦૦૦/- |
| ૩. | સ્વ. પૂજ્ય માતુશ્રીના સ્મરણાર્થે હસ્તે હસમુખભાઈ સી. પટેલ | વાપી | ૫,૦૦૦/- |
| ૪. | સ્વ. હેમંતભાઈ પુરોહિતના સ્મરણાર્થે (તા. ૧૩/૭) હસ્તે ગીતાબહેન ત્રિવેદી | અમેરિકા | ૫,૦૦૦/- |
| ૫. | કૈલાસબહેન નટવરલાલ પંડ્યા | ભાદરણ | ૨,૧૦૦/- |
| ૬. | જગદીશભાઈ સી. મારફતિયા | મુંબઈ | ૨,૦૦૦/- |
| ૭. | મનુભાઈ છીમાભાઈ પટેલ | છાપરા | ૧,૫૦૦/- |
| ૮. | એક સ્વજન (લવાજમ ભેટ) | અમદાવાદ | ૯૦૦/- |
| ૯. | શાલ્મીબહેન ભરતકુમાર ઠાકોર | નરોડા | ૩૦૦/- |
| ૧૦. | પુષ્પાબહેન કનૈયાલાલ પટેલ | અમદાવાદ | ૨૫૧/- |
| ૧૧. | જગદીશકુમાર અમૃતલાલ શાહ (જન્મદિન નિમિત્તે) | અમદાવાદ | ૨૫૧/- |

**આ સર્વ સહાયકોના અમો ખૂબ ખૂબ આભારી છીએ. – સંપાદક**

## (૫) આચરણનો પાયો

**– અમૃતલાલ યાજ્ઞિક**

હું કૉલેજનો આચાર્ય હતો. મોટી ઉંમરની બે બહેનો મને મારી ઑફિસમાં મળવા આવી. હું બંનેમાંથી કોઈને ઓળખતો નહોતો. પણ તેમના દેખાવ ઉપરથી તેઓ ઊજળા સમાજનાં હતાં તેમ લાગતું હતું. તેમાંથી એક બહેનની આંખમાં વિષાદ અને નિરાશા દેખાતાં હતાં. તેમનાં નેત્રો જ તેમની વેદના વ્યક્ત કરતાં હતાં. બીજી બહેન સ્વસ્થ હતી અને કશુંક પૂછવા માગતી હોય તેમ તેના મુખભાવ ઉપરથી લાગતું હતું. ઉત્સુક ભાવે મેં તેમની સામે જોયું. તે બહેન બોલ્યાં :

"સાહેબ, અમે અમારી મૂંઝવણ વ્યક્ત કરવા અને તેનું માર્ગદર્શન મેળવવા આવ્યાં છીએ. આ મારી સાથેનાં બહેન મારી બહેનપણી છે. તે વિધવા છે, શિક્ષિકા છે. તેમને સંતાન નથી. તેમના ભાઈ સાવ સામાન્ય સ્થિતિના છે, એટલે તેમના પુત્રને બહારગામથી ભણવા બોલાવ્યો છે ને દીકરાની જેમ તેને રાખે છે. હું તો સંસારી છું અને સુખી છું. મારી નાનપણની આ બહેનપણી પ્રત્યે મને સ્વજન જેવી લાગણી છે. તેમને મળવા આવી, ત્યારે તેમની અકથ્ય મૂંઝવણ જોઈ. આપ તેમાંથી કશોક માર્ગ બતાવી શકશો એવી શ્રદ્ધાથી તમારી પાસે આવ્યાં છીએ. તમારાં લખાણોથી તથા બીજા પાસેથી તમારા વિશે સાંભળીને અમે તમને ઓળખીએ છીએ."

હું તેમની મૂંઝવણ સમજી શક્યો. થોડુંક સાંત્વન મળે તો સારું એમ વિચારી હું બોલ્યો : "તમે જરા પણ મૂંઝાયા સિવાય તમારી વાત કહો. તમારી મુશ્કેલીને દૂર કરવામાં હું સહેજ પણ ઉપયોગી બની શકીશ તો તેનો આનંદ મને પણ થશે." પછી તે બહેને પોતાની વિધવા બહેનપણી અંગેની વાત શરૂ કરતાં કહ્યું :

"આ બહેન પોતાના ભત્રીજાને પોતાને ઘેર રાખી પુત્રની માફક ઉછેરે છે. તે વિદ્યાર્થી તરીકે ... જુનિયર કૉલેજમાં વાણિજ્ય વિદ્યાની શાખામાં અભ્યાસ કરે છે. ભણવામાં તે પ્રમાણમાં હોશિયાર કહી શકાય તે કક્ષાનો છે, પણ તેને ઘરમાં ચોરી કરવાની આદત પડી છે. મારી આ બહેનપણી તેને દીકરાની માફક ચાહે છે, તેને જોઈતી સગવડો ને વસ્તુ આપે છે, છતાંયે ચોરી કર્યા કરે છે. એટલું જ નહિ પણ તેમનું કહ્યું માનતો નથી અને ઉદ્ધતાઈભરી રીતે વર્તે છે. ચોરી અને ઉદ્ધતાઈથી ત્રાસીને છેવટે ગઈ કાલે ઘરમાંથી કાઢી મૂક્યો અને તેને ભાઈને ત્યાં જવાનું કહ્યું છે..."

આ વાત થતી હતી એટલામાં જ મારું ધ્યાન પેલી વિધવા બહેન તરફ ખેંચાયું. તેમની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં અને તેમના અંતરનું દુઃખ તેમના મોઢા પર ડોકિયાં કરતું હતું. વચ્ચે જ હું બોલી ઊઠ્યો : "એ કઈ કૉલેજમાં ભણે છે અને કયા વર્ગમાં છે ? આવી ઉંમરે કેટલાક કિશોરો ખોટે માર્ગે ચડી જતા હોય છે. તમે એ માટે મૂંઝાશો નહિ. પરિસ્થિતિ સમજીને આપણે તેનો કશોક રસ્તો શોધી કાઢીશું." આ સાંભળીને કરુણાર્દ્ર અવાજે શિક્ષિકા બહેન બોલ્યાં :

"મારો ભત્રીજો... કૉલેજમાં છે. નિશાળમાં હતો ત્યારથી તેને ચોરી કરવાની ટેવ પડી છે. ભણવામાં હોશિયાર છે. થોડા દિવસ પહેલાં પાછો ચોરી કરતાં પકડાયો. મેં ખૂબ ખિજાઈ અને ઘરમાંથી કાઢી મૂક્યો અને ભાઈને ત્યાં જા એમ કહ્યું. તેના પ્રત્યે મને ખૂબ પ્રેમ છે, છતાં તે ચોરી કરે અને ઉદ્ધત રીતે વર્તે તે હું કઈ રીતે સહન કરું ?"

બોલતાં બોલતાં તેમનો અવાજ રૂંધાયો. વાતનો દોર પકડી લઈને તેમની બહેનપણી બોલ્યાં, "આવી મૂંઝવણ અને આવું દુઃખ કોને કહેવાં ? તમારી પાસે એ માટે કશુંક માર્ગદર્શન મેળવવા આવ્યાં છીએ. તમે એને કે અમને ઓળખતા નથી એ ખરું,

પણ આવા વિદ્યાર્થીઓના પ્રશ્નો વિશે તમે જાણો છો. તમારી પાસેથી કશોક ઉપાય મળશે એવી આશાથી આવ્યાં છીએ. હવે એ છોકરો ભાગીને ક્યાં ગયો હશે તેની મૂંઝવણ મારી બહેનપણીને સતાવે છે. બીજું કશુંક કરી બેસે તો તેની કાળી ટીલડી બહેનને જ ચોંટે ને ? એની અસહ્ય વેદના મારી આ બહેનપણી ભોગવે છે. શું કરવું ?''

આટલું સાંભળતાં શિક્ષિકાબહેન રડી પડ્યાં ! પછી કહેવા લાગ્યાં : ''સાહેબ, મેં આવેશમાં ને આવેશમાં ભત્રીજાને કાઢી મૂક્યો, પણ પછી મને ખાવું નથી ભાવતું, રાત્રે ઊંઘ નથી આવતી. મારા એ ભત્રીજાને કશુંક થાય તો મારું જીવન ધૂળ થઈ જાય. એના જ વિચારો આવ્યા કરે છે. હવે શું કરવું ? કાંઈ સૂઝતું નથી.''

તેમની મૂંઝવણ હું સમજી શક્યો. તેમને સાંત્વન આપતાં મેં કહ્યું : ''તમે તમારા ભત્રીજા વિશેની વાત કરી છે તેના ઉપરથી તે ભાગીને તેના પિતા પાસે જ ગયો હશે એમ હું માનું છું. તેણે કાંઈ આ ગુનો પહેલી વખત નથી કર્યો ! એટલે ભાગીને કાંઈક કરી બેસશે એ બીક કાઢી નાખો. મૂંઝાશો નહિ. તેના ભાઈને ત્યાં પહોંચ્યાના સમાચાર મળે પછી આપણે કાંઈક માર્ગ શોધી કાઢીશું. ત્યાં સુધી આપણે રાહ જ જોવી જોઈએ.''

પછી તે બહેને કહ્યું : ''હું પણ ભાઈના પત્રની જ રાહ જોઉં છું. મેં પણ તેમને તરત જ પત્ર લખ્યો છે. આજકાલમાં ભાઈનો કાગળ આવવો જોઈએ. ભાઈનો પત્ર આવ્યા પછી જ મારા જીવને કળ વળશે.'' તેમની બહેનપણીએ પણ મેં જે કહ્યું હતું તેમાં સૂર પુરાવ્યો. સમભાવપૂર્વક હિંમત આપી. આ સ્થિતમાં મેં તેમને સાંત્વન આપતાં કહ્યું: ''હવે ભગવાનમાં શ્રદ્ધા રાખી ઘેર જાઓ. તેનો પત્ર આવે કે તરત મને મળજો. આપણે જરૂર કશોક માર્ગ શોધી કાઢીશું. આવા મૂંઝવણભર્યા કોયડાઓથી હું ઠીક ઠીક પરિચિત છું. એટલે જ તમને ચિંતા ન કરવાની વિનંતી કરું છું...''

બંને થોડાંક શાંત થયાં. તેમની મૂંઝવણ-ચિંતાનો હું પણ સહભાગી બન્યો હતો તેથી તેમને કાંઈક આશ્વાસન મળ્યું હતું તે હું જોઈ શક્યો. હું રાજી થયો. બીજે જ દિવસે શિક્ષિકા બહેનનો ટેલિફોન મારા પર આવ્યો અને કહ્યું : ''મારો ભત્રીજો મારા ભાઈને ત્યાં પહોંચી ગયો હતો. મારા ભાઈની સમજાવટથી તે અહીં પાછો આવ્યો છે. મારા ભાઈએ તેને કહ્યું કે આ સત્રને પૂરું થવાને થોડા જ દિવસ બાકી છે; માટે મુંબઈ પાછો જા. સત્ર પૂરું થયા પછી બીજા સત્રમાં તે ભાઈને ત્યાં રહે અને સ્થાનિક કૉલેજમાં દાખલ થાય એમ ભાઈએ તેને સમજાવ્યું છે. હવે અમે તમને ક્યારે મળવા આવીએ ?''

પછી મેં આપેલા સમય પ્રમાણે બંને બહેનપણીઓ પેલા વિદ્યાર્થીને સાથે લઈને મળવા આવ્યાં. પછી શિક્ષિકા બહેન કહેવા લાગ્યાં : ''મારો ભાઈ, આ મારા ભત્રીજાને બીજી ટર્મથી પોતાને ગામ રાખશે અને ત્યાંથી કૉલેજમાં ભણાવશે. પણ સાહેબ, મારો ભાઈ માંડ માંડ ચલાવે છે. કારણ ભાઈ અપંગ છે અને ભાભી કમ્પાઉન્ડરની નોકરી કરીને ઘરનું પૂરું કરે છે. હવે મારો ભત્રીજો ત્યાં જાય, તો મારા ભાઈ ઉપર નિરર્થક ભાર વધશે. મેં મારા ભત્રીજાને દીકરાની માફક ચાહ્યો છે ને રાખ્યો છે. મને તો એ મારી પાસે રહે તે જ ગમે. પણ હવે શું કરવું ? આપ કાંઈક માર્ગ બતાવો...'' મેં પેલા વિદ્યાર્થીને સમભાવપૂર્વક કહ્યું : ''ભાઈ, તેં આ શું કર્યું ? તને જે ચાહે છે, તારા માટે દુઃખ ભોગવે છે, પૈસા ખર્ચે છે, તેવી માતા સમાન ફોઈને ત્યાં રહીને તેને ત્યાં જ ચોરી કરે છે ? તને ખબર છે કે તારા ભાગી ગયા પછી તારી ફોઈ ખાઈ નથી શક્યાં ? પ્રેમનો

તેં આવો બદલો આપ્યો ? તારા પોતાના હિતનો જરાક વિચાર કર ! આવી સારી કૉલેજ છોડી ગામની સમાન્ય કૉલેજમાં જવું પડે તેવી સ્થિતિ તેં જ ઊભી કરી. મને આ સ્થિતિથી દુઃખ થાય છે.''

પછી તેની ફોઈને કહ્યું : ''તમારા ભત્રીજાની ફરિયાદ તમે તેની કૉલેજના પ્રિન્સિપાલ આગળ ન કરશો. બીજા લોકો પાસે તેની બદનામી ન થાય તેની ખાસ કાળજી રાખવા હું તમને વીનવું છું. આ અવસ્થામાં તેણે ચોરી કરી છે, ગુનો કર્યો છે, પાપ કર્યું છે તે વાત સાચી. પરંતુ જો તેને એ માટે અંતરથી પસ્તાવો થાય તો તે સુધરે પણ ખરો. હવે તમારા ભાઈને ત્યાં જાય તે તેના હિતમાં છે ખરું ? ત્યાં જાય એટલે તેની બદનામીની જાહેરાત થઈ ગણાય. કારણ કે 'અત્યાર સુધી ફોઈને ત્યાં ભણતો હતો ત્યાંથી કેમ પાછા આવવું પડ્યું ?' — એવું કુટુંબીજનોને થાય તે સ્વાભાવિક છે. તેમની પાસે એની બદનામી થાય તેવું આપણાથી કરાય ? આપણું કાર્ય તો તેને સાચે માર્ગે દોરવાનું છે. માટે જ મારી સલાહ છે કે તેને વિચાર કરવા દો, તેને પોતાનું અંતર ખોળવા દો. જો તેનામાં સારપ હોય તો તેને બહાર આવવા દેવાનો માર્ગ આપણે તેને મોકળો કરી આપવો જોઇએ. તેના દુરાચરણ પ્રત્યે તમે દૃઢ અણગમો અને તિરસ્કાર રાખજો, બતાવજો. પણ તેના પ્રત્યે તો પ્રેમ જ રાખશો. તેના વર્તન તરફ આંખમીંચામણાં ન જ થાય છતાંયે તેની સાથે સમભાવ અને પ્રેમથી વર્તજો.''

ફોઈ બોલ્યાં, ''સાહેબ, મેં તેને જોઈએ તેટલા પૈસા વાપરવા આપ્યા છે, તેને જોઈતી વસ્તુઓ અપાવી છે. છતાંય તે ચોરી કરે, ને ઉદ્ધતાઈથી વર્તે છે તેથી હું અસહ્ય દુઃખ ભોગવું છું. મારે શું કરવું ? હું તો મૂંઝાઈ ગઈ છું.'' મેં સહેજ સ્મિત કરીને કહ્યું : ''તમે તેને વધુ પડતાં લાડ લડાવીને અને પૈસા આપીને બગાડ્યો છે. પ્રેમ આંધળો ન હોવો જોઈએ, વિવેકબુદ્ધિથી શુદ્ધ કરેલો હોય તો જ તેનામાં સંસ્કારનો વિકાસ થાય. તમારા અવિવેકી પ્રેમે એને આવા દુરાચારના માર્ગે દોર્યો છે. પણ જે થયું તે ખરું. હવે તમે તેને બદનામ ન કરશો અને તેનો તિરસ્કાર ન કરશો. તેનાં દુષ્કૃત્યો પ્રત્યે તો ધિક્કાર જ હોય. મારું સૂચન છે કે તેને બેએક દિવસ વિચાર કરવાનો આપણે સમય આપવો...''

એટલું કહ્યા પછી મેં કિશોર વિદ્યાર્થીને કહ્યું : ''તારા જીવનમાં શુભ વળાંક આવે તેવી અત્યારની સ્થિતિ છે. જો તને તારા ગુના માટે પશ્ચાત્તાપ થતો હોય, તો વિચાર કરીને તારું હૃદય પત્રમાં વ્યક્ત કરીને શુદ્ધ બન. સદાચરણની શરૂઆત કરવાનું એ પ્રથમ પગથિયું છે. પહેલાં તારા હૃદયમાંથી પાપી વૃત્તિને તું પશ્ચાત્તાપના પવિત્ર જળથી ધોઈ નાખ અને પછી ગમે તેવી મુશ્કેલીઓ આવે તોયે હવે ગુનો નહિ જ કરું તેવો મક્કમ નિર્ણય કર. આવું કરીશ તો તારા નવજીવનની સુંદર શરૂઆત થશે. ગમે તેવું દુઃખ આવી પડે અને તેની પીડા ભોગવવી પડે તોયે આવો માતૃપ્રેમ આપનાર ફોઈનો વિશ્વાસભંગ નહિ જ કરું એવી દૃઢતા કુદરતી રીતે જ તારા અંતરમાંથી જાગ્રત થશે. ફોઈના વિચાર કરતાંયે મહત્ત્વની વસ્તુ તો તારું પોતાનું હિત અને ભવિષ્ય છે. મારે કશો જવાબ જોઈતો નથી; જવાબ તું તારા અંતઃકરણને આપજે. બેએક દિવસ સુધી વિચાર કર્યા પછી તને યોગ્ય લાગે તો તું તારો આંતરિક ભાવ લખીને મને આપી જજે. જો તારા હૃદયમાં શુભ પરિવર્તન આવી રહ્યું છે એમ મને લાગશે તો તને અહીં જ રાખવા અને ભણાવવા હું ફોઈને સમજાવીશ...''

આવી સહાનુભૂતિ, પ્રેમ અને સમજાવટથી મેં દૃઢતાપૂર્વક તેની સાથે વાત કરી. તેની આંખ અને મુખાકૃતિમાં કોમળતાભર્યો અનુકૂળ ફેરફાર થયેલો હું જોઈ શક્યો. એટલે વળી પાછું તેને કહ્યું : ''ભૂલ

તો થાય. ભૂલ થઈ તે ભલે થઈ ગઈ. પણ હવે તે નહિ કરું તેવી જાગૃતિ રાખીશ એવો નિશ્ચય કરશો તો તમારું ભવિષ્ય તેજસ્વી બનશે, એમ હું માનું છું. એક અંગ્રેજી કહેવતમાં ઊંડું તથ્ય છે તેને યાદ રાખવાનો તમને અનુરોધ કરું છું : Saints had their past and sinners have their future. (સંતોને પોતાનો ભૂલભર્યો ભૂતકાળ હતો; પાપીને પવિત્ર થવા માટે ભવિષ્ય છે જ.) બેએક દિવસ મનમાં તમે પૂરેપૂરો વિચાર કરજો અને પછી તમારે જે કહેવાનું હોય તે લખીને મને આપી જશો. તેના ઉપરથી ફોઈને ત્યાં રહેવા વિશેનો આપણે નિર્ણય કરીશું." આમ વાતચીત કર્યા પછી ત્રણેને મેં વિદાય આપી. ત્રણેનાં મન કંઈક હળવાં બન્યાં હોય તેવી મારા પર છાપ પડી.

બે દિવસ પછી એ વિદ્યાર્થી આવ્યો. એકલો જ આવ્યો હતો. મારા હાથમાં પત્ર મૂકીને ચાલી ગયો. તેના મુખ પર પ્રસન્ન શાંતિ હતી. એ પત્રમાં લખ્યું હતું :

"તમારી વાત પર પૂરતો વિચાર કર્યા પછી આ લખવા બેઠો છું. તમને મળ્યો ત્યારે તમે ગુસ્સે થવાને બદલે પ્રેમથી મને જે શિખામણ આપી તેથી મને નવાઈ લાગી. જેને જેને આજ સુધી મળ્યો છું, તેમણે મારાં કરતૂતો જાણીને મારી સાથે બોલવાનું બંધ કર્યું છે, અથવા તો ગુસ્સામાં કાંઈનું કાંઈ કહી નાખ્યું છે. તમે આટલી સરળ રીતે સચોટતાથી ગર્ભપ્રેરિત વાત કહી ગયા છો તેની મારા માનસ પર ખૂબ જ ઘેરી અસર પડી છે.

"હું પોતે આવાં કૃત્યો કરીને પસ્તાઈ રહ્યો છું. જેમણે મને આશરો આપ્યો, આટલે સુધી બોલાવ્યો, તેમને જ મેં દગો આપ્યો ! એમને ત્યાં જ મેં ચોરી કરી ? પણ દરેક ઘટના પાછળ જેમ કારણ હોય જ છે, તેમ મારી પાછળ પણ એક સચોટ કારણ છે. હું ચોરી કરતાં કેમ શીખ્યો ? તેનું કારણ વિના કારણ મારા પર પહેલવહેલી ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો તે છે. તે વખતે મેં ચોરી કરી જ ન હતી. પછી મારા મનને લાગ્યું કે ચોરી ન કરવા છતાં જો મને ચોર કહે છે તો શું કામ ચોરી કરીને ચોર ન કહેવાવું ? અને પછી તો હું ચોરી કરતો જ રહ્યો. એ કદાચ મારા મનની ગંભીર નબળાઈ હતી, જેને આજ સુધી હું પોષતો રહ્યો. મુંબઈ આવીને મેં ચોરી સદંતર છોડી જ દીધી હતી. ચોરી કરવાનુ કાંઈ કારણ નહોતું, મને જે જોઈએ તે મળતું હતું. પણ પહેલો ફટકો પડ્યો જ્યારે મારી ફોઈને દસ રૂપિયાની નોટ ન જડી એ પ્રસંગે. તે કબાટમાંથી ઊડી ગઈ હોય અથવા તો તે વાપરી હોય ને તેમને યાદ ન રહ્યું હોય તેમ પણ બને. પરંતુ તેનું આળ મારા પર આવ્યું ! એટલે મારામાં સૂઈ રહેલી નબળાઈ પાછી બેઠી થઈ ગઈ. ફોઈને મારા પર વિશ્વાસ ન રહ્યો, એટલે ગુસ્સે થઈને સાચ્ચે જ હું ચોરી કરવા લાગ્યો.

"ફોઈને મેં ચાહ્યાં છે – કદાચ જનેતા કરતાં પણ વધારે. હવે પણ ચાહતો જ રહીશ. મારી નબળાઈએ એક પછી એક પગથિયાં સર કરવા માંડ્યાં હતાં તે હું હવે જોઈ શકું છું. એવાં કાર્યો કરીને મારા અહમ્‌ને હું પોષતો જ રહ્યો ! જો મેં ઇચ્છ્યું હોત તો હું મારી નબળાઈને ઢાંકી શક્યો હોત, પણ પ્રસંગો કાંઈ ને કાંઈ એવા બનતા ગયા કે તેને લીધે હું ઉશ્કેરાતો ગયો. મારા મોટા ભાઈએ બોલવાનું બંધ કર્યું. તેનો મને હર્ષશોક નથી. ચોર માણસ જોડે બોલવાનું કોણ પસંદ કરે ? પણ તમારી વાતે મારી આંખ ઉઘાડી નાંખી. એ વીસ મિનિટની મુલાકાતે મને પ્રકાશ સાંપડ્યો. હવે હું જોઈ શકું છું કે તે ખોટું છે એ જાણવા છતાં હું અટક્યો નહિ. પ્રસંગો મને વધુ ને વધુ બદનામ કરતા ગયા. તેમાં ઘણી વાર સૂકા ભેગું લીલું બળી ગયું એવું પણ બન્યું છે. હવે જબરજસ્ત ઠોકર વાગી છે. મારી ટર્મ પૂરી કરીને હવે ગામની કૉલેજમાં જવાનો વારો

આવ્યો ! હું કોને કહું ?

"હું ખરેખર પસ્તાઈ રહ્યો છું. એ વખતે હું એટલું ન સમજી શક્યો કે આ બધું મને બદનામી અને વિનાશને માર્ગે લઈ જશે. એક વાર ચોર તરીકે હલકા પડ્યા પછી સચ્ચાઈનો રણકાર બેસૂરો વાગશે. અને તેનું મૂલ્ય નહિ રહે... હવે હું હૃદયપૂર્વક કહું છું કે મને ગમે તે કહે તોપણ ફરીથી ક્યારે એવું કદમ તો નહિ જ ઉઠાવું કે જેને લીધે મારી બદનામી થાય અને અધોગતિને માર્ગે જવાય. ભલે સહી ન શકું કે રહી ન શકું, તોયે હવે એવું હું નહિ જ કરું. જે માર્ગ મેં અપનાવ્યો હતો તે ખોટો હતો તે હું સ્પષ્ટ જોઈ શકું છું..."

એ પત્રમાં તે વિદ્યાર્થીએ પોતાનો સાચો પશ્ચાત્તાપ અને અંતરનું આક્રંદ રજૂ કર્યાં હતાં. તે હોશિયાર હતો, તેનાં લખાણ પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. તેની સમજણશક્તિનું માપ પણ પત્રમાં તરી આવતું હતું. આ પત્ર વાંચી રહ્યા પછી કલાપીની સુપ્રસિદ્ધ કાવ્યપંક્તિઓ મારા ચિત્તમાં ગુંજવા માંડી :

*હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,*
*પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.*

પત્રમાં લખેલી તેની નિખાલસ કબૂલાત અને પોતાના વર્તનની પાછળ કાર્ય કરી રહેલું માનસ સ્પષ્ટ રીતે છતાં થતાં હતાં. ફરીથી આવું દુષ્કૃત્ય ન કરવાનો તેનો દૃઢ આંતરિક નિર્ણય પણ વ્યક્ત થતો હતો. એના સદાચારને ઘડનાર અને પોષનાર તેનું અંતર-મન પત્રમાં બોલી રહ્યું હતું. તેના અંતરનાં દર્શને તેનો ભૂલેલો માર્ગ બતાવ્યો એટલું જ નહિ પણ શુદ્ધ આચરણનો રસ્તો પણ ચીંધ્યો.

ફોઈના પ્રેમની દૃષ્ટિ વિવેકપૂત બની, ત્યારે સાચો માર્ગ સાંપડ્યો અને એ માર્ગે જવાનું અંતર-મન તેને દોરી રહ્યું હતું તે આ પ્રસંગની ફલશ્રુતિ છે.

(ઘરશાળા, જુલાઈ '૮૩માંથી સાભાર) ❑

## જપ

જપને યજ્ઞમાં ગણેલો છે. એ એક મોટું, સહજ, સરળ સાધન છે. સામાન્યપણે જપ ટૂંકામાં ટૂંકા હોય તો ઉત્તમ; જે જપવામાં ક્લિષ્ટ ન હોવો જોઈએ, સરળ હોવો જોઈએ. હ્રસ્વ ને મૃદુ, તથા કઠણ નહિ એવો (ઘોષ વ્યંજન) હોય તો વધુ સારું – શબ્દનાં ત્રણ સ્થળ છે : નાભિ, કંઠ ને બ્રહ્મરંધ્ર – જપ એવો હોવો ઘટે કે એ ત્રણને સ્પર્શી શકે. એક એક સ્થળ ઉપરથી જપના પ્રત્યેક અક્ષરનું ભાવપૂર્વક હેતુની સળંગ ધારણા સાથે ઉચ્ચારણ થાય તો તે સાધના અતિ ઉત્તમ છે. જપ-મંત્ર શ્વાસોશ્વાસ અથવા નાડીના ધબકારા સાથે લેવાય તો ઉત્તમ. જપને યજ્ઞ કહેવાનું કારણ એ છે કે યજ્ઞમાં જે તે બધું હોમવાનું હોય છે. એટલે આપણે મનાદિકરણનું કે જે બધું ઊભરે તે બધું તેમાં પ્રાર્થના સાથે જ્ઞાનભક્તિપૂર્વક હોમ્યા કરવાનું છે.

મંત્ર એકધારો, નિરંતર હૃદયથી લેવાયા કરાય તો તેવા મંત્રના ઉચ્ચારણમાંથી પ્રગટતી ધારણાથી જ્ઞાનતંતુઓ – Tone up – પ્રાણવાન થાય છે. તેથી સમતા ને શાંતિ પ્રગટે છે. એવી સમતા ને શાંતિ જ્યારે જ્ઞાનતંતુઓમાં પ્રકટીને તેની ટોચ પર પહોંચે છે, ત્યારે શરીરના રોગને પણ નિવારવા શક્તિમાન બને છે. જપમાં આ કારણે ગંગાના પ્રવાહ જેવી સતત, એકધારી, સળંગ નિરંતરતા પ્રકટવી એ ઘણી જરૂરી છે. તે વિના જપ પૂરા અસરકારક નીવડી શકતા નથી. જ્યારે જપમાં એવી ભાવનાત્મક નિરંતરતા પ્રકટે છે ત્યારે કરણોમાં પ્રાકૃતિક વલણોને યોગ્યપણે પ્રગટાવવામાં તે પ્રેરણાત્મક બને છે.

**– પૂજ્ય શ્રીમોટા**

નિત્યનિર્દોષ ને યોગેશ્વર એવા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અને ગાંડીવ-ધનુર્ધારી અર્જુન, એ બંને વચ્ચેના સંવાદની યશગાથાને, ભગવાન વ્યાસનારાયણે, અજરામર આધ્યાત્મિક કાવ્યમાં ગૂંથી, શ્રીમદ્ ભગવદ્‌ગીતાની, સમગ્ર વિશ્વને મૂલ્યવાન ભેટ આપી છે.

કુરુક્ષેત્રના રણસંગ્રામ ઉપર યુદ્ધ કરવા માટે સંપૂર્ણ તૈયારી કરી રહેલા સ્વજનો, બંધુજનો ને ગુરુજનો પ્રત્યેનો સ્નેહ ને કારુણ્ય; એ બંનેના સંયોગથી ઉત્પન્ન થયેલાં શોકાતિશય અને પાપ, તે થકી અતિ ભય પામેલા અર્જુને, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની શરણાગતિ સ્વીકારી કહ્યું :

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।

(ગીતા, ૨-૭)

'હું તમારો શિષ્ય છું. મને શિક્ષાવચન કહો, હું તમારે શરણે આવ્યો છું.' પરંતુ, અર્જુનની આ શરણાગતિ, કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગની સિદ્ધિના પરિણામે નિષ્પન્ન થયેલી,

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।

(ગીતા, ૧૮-૬૬)

એ શ્લોકમાં ઉપદેશેલી, સાચી શરણાગતિ ન હતી. પણ,

पापाद् भीतं प्रपन्नम् ।

પાપથી ભય પામેલાની શરણાગતિ હતી. ભગવાને, તેથી જ, અર્જુનને પોતાના સ્વરૂપનું-જીવાત્માના સ્વરૂપનું જ્ઞાન આપવા તથા પરબ્રહ્મ પરમાત્મા જે પોતે તેમના સ્વરૂપનું-જ્ઞાન આપવા ભગવદ્‌ગીતાનો ઉપદેશ વહેવડાવ્યો છે. વળી, ભગવદ્‌ગીતા તો બ્રહ્મવિદ્યા છે. બ્રહ્મવિદ્યાનો ઉપદેશ બ્રહ્મનિષ્ઠ ગુરુએ, મુમુક્ષુ શિષ્યને યથાધિકાર આપવાનો હોય છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર, સ્વયં બ્રહ્મવિદ્યાપ્રવર્તક હતા. બ્રહ્મનિષ્ઠોથી પણ પર હતા. અર્જુન પણ મુમુક્ષુ હતો; પણ આ સમયે એ મોક્ષાર્થી થઈને ભગવાનને શરણે આવ્યો ન હતો, એટલે, સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે —

कर्मयोगो ज्ञानयोगो भक्तियोगो इति त्रयम् ।
क्रमानिःश्रेयसद्वारं शास्त्रेऽस्मिन् प्रतिपाद्यते ॥

કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ એ ત્રણે, અનુક્રમે, મોક્ષનાં દ્વારભૂત છે અને આ ત્રણે યોગ, ભગવદ્‌ગીતામાં પ્રતિપાદન કરવામાં આવ્યા છે; જ્યારે અર્જુન તો, પાપથી ભય પામીને શરણે આવ્યો હતો. એનું ચિત્ત, ધર્મ ને અધર્મના વિચારમાં મોહ પામી ગયું હતું. એના મનમાં ઉદ્વેગ પ્રધાનપદે હતો અને સ્થળ પણ કુરુક્ષેત્રનું રણસંગ્રામ હતું. ત્યાં નિવૃત્તિપરાયણતા નહોતી તેમ જ બ્રહ્મવિદ્યાના જ્ઞાન માટેનું અનુકૂળ વાતાવરણ પણ નહોતું. અર્જુન ક્ષત્રિય હોવા છતાં રણસંગ્રામના મેદાન ઉપર શસ્ત્રસંન્યાસ ને યુદ્ધપ્રવેશપરાङ्मुखતાની વાતો કરતો હતો. એનો કેવળ પ્રજ્ઞાવાદ હતો. એની લાગણી અહિંસા પરત્વે ન હતી; તેમ છતાં, અહિંસાની જ નહિ, પરંતુ સંન્યાસની પણ ભાષા બોલતો હતો. ખરેખર, અર્જુનમાં સ્વજન પ્રત્યેની આસક્તિ હતી. તેથી જ એને કવખતનો મોહ ઉત્પન્ન થયો હતો. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે તેથી જ અર્જુનને ટકોર કરી : 'તું અત્યારે યુદ્ધ કરવાની ના પાડે છે; પણ તારી ક્ષત્રિયની પ્રકૃતિ જ તને યુદ્ધમાં જોડશે.' ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને અર્જુન પાસે યુદ્ધ કરાવીને એને હિંસામાં જોડવો ન હતો; પણ, કર્મયોગનો ઉપદેશ આપી, એને સ્વધર્મમાં સ્થાપન કરવો હતો, પરંતુ, અર્જુનને તો સર્વત્ર પાપનો ભય જ ભાસતો હતો એટલે એણે કહ્યું :

पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः। (ગીતા, ૧-૩૬)

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम्। (ગીતા, ૧-૪૫)

'ભલે અમારા સ્વજનો, બંધુજનો, ગુરુજનો આતતાયી હોય તોપણ તેમને મારવાથી તો અમને પાપ જ લાગે. આવું કરીને તો, અમે મોટું પાપ કરવાના નિશ્ચય ઉપર આવી ગયા હોઈએ એવું ભાસે છે.'

ભગવાને, અર્જુનને, સ્વધર્મરૂપ કર્મ કરવા છતાં તે કર્મનું બંધન ન થાય તેવી યુક્તિ શિખવાડી. તેને સ્પષ્ટ સમજાવ્યું કે 'તું કર્મના ફળમાં આસક્તિ અને કર્મના કર્તાપણાનું અભિમાન છોડી દઈને નિત્ય ને અવિનાશી સુખથી તૃપ્તિ પામ અને નાશવંત પ્રકૃતિના સુખમાં પ્રવૃત્ત થઈશ નહિ; અર્થાત્, શસ્ત્રવિહિત સત્કર્મમાં ફળાસક્તિનો ત્યાગ કરી, નિત્ય અવિનાશી આત્મસ્વરૂપમાં સદા આનંદતૃપ્ત રહે-આથી તું, કર્મમાં પૂરેપૂરો પ્રવર્તેલો હોઈશ તોપણ તે કર્મનું તને બંધન થશે નહિ અને કર્મ કર્યા છતાં તું કાંઈ જ કરતો નથી એવી સ્થિતિ તું પામીશ. કર્મમાં અને કર્મના ફળમાં આસક્તિ, સ્વસ્વરૂપના અજ્ઞાનથી જ થાય છે – આમ જણાવી, સ્વધર્મભૂત યુદ્ધમાં પણ પાપની અતિ શંકા લાવીને ભય પામનારા અર્જુનને, એ પાપ થકી ઉદ્ભવેલા ભયના નિવારણ માટે ઉપદેશેલો કર્મયોગ, ખરેખર, મોક્ષના દ્વારભૂત થાય છે. અને એ જ કારણસર, જ્ઞાનયોગની સિદ્ધિ માટે, કર્મયોગનો પ્રથમ સ્વીકાર કરવામાં આવે છે અને કર્મયોગ દ્વારા જ્ઞાનયોગ અને તે દ્વારા પરંપરાએ ભક્તિયોગ અને તે દ્વારા પ્રપત્તિયોગ સિદ્ધ કરી આત્યંતિક મોક્ષને પામે છે.

કર્તાપણાનું અભિમાન, દેહાત્મભાવની દૃઢતારૂપ અહંપણાને લીધે થાય છે અને તેથી જ 'હું જ કર્તા છું' એમ માને છે. અર્જુનનો જે વિષાદ હતો તે પણ, કર્તાપણાના અભિમાનને લીધે જ હતો. સર્વકર્તાહર્તા પરમાત્મા જ છે; છતાં અજ્ઞાનતાથી, આ જીવ, કર્તાપણાનું અભિમાન રાખે છે, તેમ જ કર્મના ફળમાં આસક્તિ રાખે છે, જેથી એની અધોગતિ થાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયના શ્લોક ૧૩થી ૧૬ સુધીમાં, કર્મના પાંચ હેતુ બતાવેલા છે, તેમાં 'દૈવ' એટલે પરબ્રહ્મ પરમાત્મા જે સર્વાન્તર્યામી છે તેનું જ, કર્તાપણું પ્રતિપાદન કર્યું છે; તેમ છતાં, જે કેવળ પોતાને કર્તા માને છે તે 'દુર્મતિ' છે એવું તે અધ્યાયમાં સ્પષ્ટ જણાવેલું છે. અવતારી ભગવાન સહજાનંદ સ્વામી તો પરમાત્માના સર્વકર્તાપણાના જ્ઞાનને જ મોક્ષ માને છે. તે કહ્યું છે :

''જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે કે પ્રગટ પ્રમાણ શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વ થાય છે; પણ કાળ, કર્મ કે માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી.'' કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરી, જ્ઞાનપ્રધાન નિર્મમત્વ ભાવના રાખી,

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम्।

ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना॥ (ગીતા, ૪-૨૪)

એ ન્યાયે અખંડ બ્રહ્મભાવના રાખનારને, સર્વ કર્મ, બ્રહ્માત્મક – બ્રહ્મસમર્પણરૂપ થઈ જાય છે અને એ જ ખરી રીતે કર્મયોગનું ફળ છે અને ઈશ્વરાર્પણની આવી બુદ્ધિથી ફળાસક્તિનો સંકલ્પ સર્વથા શમી જાય છે અને કર્તાપણાનો ને ભોક્તાપણાનો અહંકાર પણ નિવૃત્તિ પામી જાય છે. આ, જે પ્રકાર કહ્યો તે પ્રકટ પ્રભુમાં જેને દૃઢ ભક્તિ હોય, તેને જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ભક્તિયોગનો ઉપદેશ જ ભગવદ્ગીતામાં મુખ્ય છે અને કર્મયોગ ને જ્ઞાનયોગ તો, ભક્તિયોગના અંગ તરીકે ઉપકારક છે.

અર્જુનને પાપનો ભય અતિશય સતાવતો હતો જેથી, કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગના ઉપદેશ પછી ભગવાને પ્રપત્તિયોગ—શરણાગતિ લેવાની કહી ત્યારે પણ,

अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।

(ગીતા, ૧૮-૬૬)

'હું તને સર્વ પાપ થકી મુક્ત કરીશ. તું શોક ન કરીશ' એવું અભયવચન આપ્યું.

ભાગવતધર્મના માર્ગમાં તો, પ્રકટ ભગવાનનો સંબંધ જ મહત્ત્વનો છે—પ્રકટ પ્રભુનું વચન જ પરમ દૈવતવાળું છે. તે વચન કયા કાર્યની સિદ્ધિ માટે ઉચ્ચારેલું છે તે કાર્ય મહત્ત્વનું નથી. તે કાર્ય કરવાનો આદેશ આપનારા પરમાત્માનો સંબંધ, તેમ જ તેમનું વચન અને તેથી ઉત્પન્ન થતી તેમની પ્રસન્નતા જ મહત્ત્વની છે. અને તે જ પ્રકટની ભક્તિ છે.

આરંભમાં, અર્જુનને પરોક્ષભક્તિ શ્રીકૃષ્ણચંદ્રને વિશે હતી તેથી ઠેઠ સુધી, પોતે જેને ધર્મ માન્યો હતો તેનું પ્રતિપાદન કરી, તે જ પ્રમાણે વર્તવાનો આગ્રહ રાખ્યો; પરંતુ દિવ્યચક્ષુ—દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થતાં શ્રીકૃષ્ણચંદ્રના વિશ્વસ્વરૂપનાં દર્શન થયાં ત્યારે એમનો મહિમા સમજાયો ને પ્રકટ ભક્તિ ઉદય થઈ અને પોતાના મનનું ગમતું મૂકી દઈ પ્રકટ પ્રભુને શરણે જઈ એકરાર કર્યો :

करिष्ये वचनं तव । (ગીતા, ૧૮-૭૩)

'તમે જેમ કહેશો તેમ કરીશ.' તે વખતે હિંસા-અહિંસાના ભેદને મહત્ત્વ ન આપતાં, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનું ગમતું કરવાની પ્રતિજ્ઞા કરી. પ્રકટ ભક્તિ ઉદય થતાં અર્જુનને જે તક પ્રાપ્ત થઈ તે એમણે જવા ન દીધી. યોગ્યાયોગ્યનો વિચાર ન કરતાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રને રાજી કરી લીધા.

આ પરમ સત્ય, અનાદિમુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના 'ભક્તિનિધિ' ગ્રંથમાં આ રીતે ગૂંથ્યું છે :

**"ધર્મ વિચારીને ધનંજયે,**
**યુદ્ધ કરવું નો'તું જરૂર;**
**પણ જાણી મરજી જગદીશની,**
**ત્યારે ભારત કર્યો ભરપૂર."**

સામાન્ય રીતે, મનુષ્યમાત્રને, પોતાના મનનું ધાર્યું કરવું સારું લાગે છે, પરંતુ તેમ ન કરતાં, અનાદિમુક્ત સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે તેમ,

**"મનગમતું સર્વે મેલીને,**
**એક તમને રિઝાવારે;**
**બ્રહ્માનંદ કહે મનકર્મવચને,**
**ગુણ તમારા ગાવારે."**

તેમ જ

**"જેહિ વિધ રાજી નાથ તુમ,**
**તેહિ વિધ હમ રાજી."**

એ રીતે મનનું ગમતું મૂકી, પરમાત્માની આજ્ઞા-અનુવૃત્તિમાં રહી, એમને પ્રસન્ન કરી એમના સાધર્મ્યને પામી, એમની દિવ્ય સેવામાં રહેવાનો દિવ્ય મંત્ર ઝીલી એમના દિવ્ય સુખના ભોક્તા થવું એ જ ભગવદ્ગીતાનું પરમ રહસ્ય છે.

(આકાશવાણીના સૌજન્યથી)

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાનાં સુરત નિવાસી સ્વજન શ્રી મનોજભાઈ અને શ્રી સતીશભાઈનાં માતુશ્રી **નિર્મળાબહેન તમાકુવાળા**નું લાંબી બીમારી બાદ ૮૯ વર્ષની વયે તા. ૨૩-૭-૨૦૧૨ના રોજ અવસાન થયું છે. પ્રભુ ગતાત્માનું કલ્યાણ કરે એવી પ્રાર્થના.

**— સંપાદક**

## (૭) સ્ટીવ જોબ્સની જીવન અંગેની વિચારસરણી

– સ્ટીવ જોબ્સ

*[સ્ટીવ જોબ્સ એપલ કૉમ્પ્યૂટર્સના સહસ્થાપક અને મુખ્ય વહીવટકર્તા હતા. તેઓ મહાન ટેક્નોક્રેટ હતા જેમણે વિશ્વને અવનવી ટેક્નોલૉજીની ભેટ આપીને લોકોના જીવનમાં પરિવર્તન લાવી દીધું. તેમને માત્ર નાની ઉંમરે – વર્ષ ૨૦૦૫માં – સ્વાદુપિંડ(પેન્ક્રિયાઝ)નું કેન્સર નિદાન થયું. ત્યાર બાદ બમણા જોશથી પોતાના જીવનનાં અધૂરાં કાર્યો પૂરાં કરવામાં તેઓ સતત કાર્યશીલ રહ્યા. તેમનું મૃત્યુ વર્ષ ૨૦૧૨માં થયું.*

*સકારાત્મક વિચારોના બળે તેમણે જીવન જીવવાનું ઈંધણ મેળવ્યું. કેન્સરના નિદાન બાદ બૌદ્ધ ધર્મના ઊંડા અભ્યાસુ બન્યા અને જીવનનું તત્ત્વ સ્વીકારીને શરીર અને આત્માના સંબંધની પૂર્ણ સમજણ કેળવી. વર્ષ ૨૦૦૫માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી, અમેરિકામાંથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના પદવીદાન-સમારોહમાં આપેલ પ્રવચનની ટૂંકી નોંધ અત્રે પ્રસ્તુત છે.]*

---

Think Different 'બીજાઓ કરતાં અલગથી વિચારો' – સ્ટીવ જોબ્સ

હું ૧૭ વર્ષની ઉંમરનો હતો ત્યારે મેં એક વાક્ય વાંચ્યું હતું – 'તમે જો જીવનનો દરેક દિવસ એવી રીતે જીવશો જાણે કે એ દિવસ તમારા જીવનનો છેલ્લો જ દિવસ હોય, તો એક દિવસ જરૂરથી એવો આવશે કે તમે સૌથી શ્રેષ્ઠ બનશો.' આ વાતની મારા મન ઉપર ઘણી ઊંડી અસર પડી, ત્યારથી છેલ્લાં ૩૩ વર્ષથી હું રોજ સવારે અરીસામાં મને જોઈને મારી જાતને પૂછું છું – 'જો આજનો દિવસ મારા જીવનનો છેલ્લો દિવસ છે તો મારે કરવાનું કામ આજે જ કરવું જોઈએ ને ?' જ્યાં સુધી મારા મનથી મને 'ચાલશે, નહિ કરશે તો' કે 'ના' જવાબ આવ્યો છે ત્યારે મને લાગ્યું છે મારે મારી જાતને, બદલવાની જરૂર છે.

મને જ્યારે કેન્સરનું નિદાન થયું અને ખબર પડી કે હું ઝડપથી મૃત્યુ પામવાનો છું એ હકીકતે મને મારા જીવનના સૌથી મહત્ત્વનાં નિર્ણયો લેવામાં મદદ કરી છે. કારણ કે – તમામ ચીજવસ્તુઓ, અપેક્ષાઓ, ગર્વ લેવા જેવી બાબતો, નિષ્ફળતા કે ભોંઠા પડવાનો ડર, આ બધી બાબતો મૃત્યુના દર્શનની સાથે ગૌણ બની ગઈ અને જે સાચે જ અગત્યનું છે તે જ નજર સામે રહ્યું. જીવનમાં કંઈક ગુમાવવાના વિચારો આવે તેવા વિચારોના સંકજામાંથી છૂટવા માટેનો શ્રેષ્ઠ રસ્તો એ જ છે કે આપણે યાદ રાખવું જોઈએ કે આપણે એક દિવસ મૃત્યુ પામવાના છીએ. તમે નગ્ન સ્વરૂપે જ છો. પછી શું કામ અંતરાત્માના અવાજને અનુસરવું નહિ ?

કેન્સરના નિદાન બાદ મને તો સ્વાદુપિંડ (પેન્ક્રિયાઝ) શું છે તેની પણ ખબર નહોતી. ડૉક્ટરોએ મને એવી સલાહ આપી કે તમારું આયુષ્ય છ મહિનાનું છે, તમે ઘેર જાઓ અને તમરાં કાર્યો, આયોજન વ્યવસ્થિત કરી દો. આમ ડૉક્ટરની ભાષા મને મૃત્યુ માટે તૈયાર રહેવાની સ્પષ્ટ સલાહ આપતી હતી. એટલે કે તમે તમારાં બાળકોને આગામી ૧૦ વર્ષમાં જે કહેવાનું વિચાર્યું હોય તે બધું જ તેમને થોડા મહિનામાં જ કહી દેવું. મારે એવું આયોજન કરી લેવું કે મારા પરિવારને માટે જીવન સરળ થઈ જાય. એટલે કે મારે સૌને

'આવજો' કહી દેવું. તેમ છતાં મારી પર શસ્ત્રક્રિયા કરવામાં આવી છે અને હવે હું સાજો છું.

મારા જીવનમાં મેં મૃત્યુને સૌથી નજીકથી નિહાળ્યું છે અને આ અનુભવથી હું ચોક્કસપણે તમને કહી શકું છું કે 'ફક્ત બુદ્ધિની સમજ કરતાં મૃત્યુનું દર્શન મને વધારે ફળદાયી નીવડ્યું છે. કોઈએ મરણ પામવું નથી. જે માણસે સ્વર્ગમાં જવું છે તેણે પણ ત્યાં જવા માટે મૃત્યુ પામવું નથી. અને છતાંય મૃત્યુ એક અંતિમ સ્થાન છે, જે આપણા સૌ માટે સરખું જ છે. કોઈ એમાંથી ક્યારેય ભાગી શકતું નથી. અને એવું હોવું જ જોઈએ કારણ કે મૃત્યુ એ જીવનની એકમાત્ર સર્વશ્રેષ્ઠ શોધ છે, મૃત્યુ જીવનને બદલી આપવાના પરિબળ તરીકે કામ કરે છે. એ નવું સર્જન થવા માટેનો માર્ગ ખુલ્લો કરી આપે છે અને જૂનાને ચોખ્ખું કરી નાખે છે. અત્યારે તમે સૌ યુવાન છો પણ ઘણા લાંબા સમય બાદ એક દિવસ એવો આવશે જ્યારે તમે ઘરડાં થઈ ગયાં હશો અને સાફ થઈ જશો. માફ કરજો, મારી વાત તમને વધારે પડતી લાગશે પણ આ જ સત્ય છે.

તમારી પાસે મર્યાદિત સમય છે, માટે બીજાનું જોઈને જીવન જીવવાની કોશિશ કરીને સમય બરબાદ ન કરો. બીજાના અભિપ્રાયમાં ફસાઈ ન જાઓ. બીજા લોકોનો અભિપ્રાય પણ અન્યો-(ત્રીજાઓ)ના વિચારોને આધીન છે. તમારા પોતાના અંતરાત્માના અવાજને બીજા લોકોના અભિપ્રાય વડે દબાવો નહિ. તેને કચડી ન નાંખો. સૌથી મહત્ત્વનું એ છે કે તમારા અંતરાત્માના અવાજને અનુસરવાની હિંમત રાખો. તમારી અંતઃસ્ફુરણાને જ ખબર છે કે તમે શું બનવા માંગો છો. અન્ય બધી વાતો દ્વિતીય સ્થાન ઉપર છે.

વર્ષ ૧૯૭૦માં 'વિશ્વ પરિપત્ર પૃથ્વી'ના અંતિમ પૃષ્ઠ ઉપર એક સુંદર મજાનું ચિત્ર હતું. આ ચિત્રમાં એક લાંબો રસ્તો બતાવેલ હતો, જેની ઉપર એક સાહસિક મુસાફર તરીકે તમે જઈ શકો અને રસ્તાને પાર ઊગતા સૂરજનું દૃશ્ય હતું. તેની નીચે લખ્યું હતું : STAY HUNGRY, STAY FOOLISH.

આ તેમનો સંદેશ છે. 'જીવનમાં ધ્યેયપ્રાપ્તિ માટે ભૂખ્યા રહો, તમને દુનિયા ભલે મૂર્ખ ગણે, પણ તમારી ધ્યેયપ્રાપ્તિ પાછળ દોડતા રહો.' ત્યારથી મેં પણ મારા પોતાને માટે આ જ સંદેશ મારો જીવનમંત્ર બનાવ્યો છે. હું પણ આજે તમને સૌને આ જ સંદેશો અને શુભેચ્છા પાઠવું છું.

— પ્રેષક : **ધીમંતભાઈ ઘીવાળા**

---

## પ્રાર્થનાની રામબાણ શક્તિ

જ્યારે જ્યારે હૃદયમાં કોઈ પ્રકારની ગૂંચ ઊપજે, ત્યારે ત્યારે હૃદયના ભાવથી પ્રાર્થના કર્યા જ કરવી. પ્રાર્થનાની શક્તિ ઘણી ભારે છે. પ્રાર્થનાનો સાદ આર્તનાદે ને આર્તભાવે હૃદયના ઊંડાણમાંથી જો નીકળે તો સંભળાયા વિના રહેતો નથી. બને તેટલા શાંત થઈને એના પ્રત્યે ખુલ્લા રહ્યા કરીને એની પ્રાર્થના કર્યા જ કરવી. એ તો આપણો માબાપ – સર્વ કંઈ છે. જે જોઈએ તે માગો. કશી જુદાઈ રાખવાની હોય નહિ. કોઈ રીતે એનો સંબંધ જીવનમાં જીવતો થઈ જાય, એવું આપણે વર્તવાનું છે. એવું થવા માટે જીવનના સર્વ કોઈ પ્રસંગોમાં એની સાથે તે તે વેળા હૃદયનો ભાવ જીવતો કરીને એની સાથે તે તે ભાવે વાતચીત કર્યા કરવાની છે. એ ભક્તની બૂમ સાંભળ્યા વિના રહેતો નથી. ભક્તના હૃદયનો એવો આર્ત ને આર્દ્ર પોકાર કદી ખાલી ગયો અનુભવ્યો નથી. તમારી આવી પ્રાર્થનાઓ હવે તો આવીશ ત્યારે સાંભળવાનું મન છે, તે બધી એકઠી કરી રાખશોજી. ❑

ગાંધીજીના જીવનનું પ્રેરક બળ અધ્યાત્મ છે અને એ આધ્યાત્મિકતાના ઉઘાડમાં ગાંધીજીની ધર્મશ્રદ્ધા દઢ કરાવનાર શ્રીમદ્ રાજચંદ્ર છે. ગાંધીજીએ લખ્યું છે કે, 'આધ્યાત્મિક ભીડ વખતે તેઓ શ્રીમદ્‌નો ''આશરો'' લેતા હતા.' ગાંધીજીના જીવનની આ આધ્યાત્મિક ભીડ જોઈએ.

૧૮૯૩ના ઑક્ટોબરમાં દક્ષિણ આફ્રિકામાં ભરાયેલા વૅલિંગ્ટન કન્વેન્શનમાં મહાત્મા ગાંધીજીને મિ. બેકર લઈ ગયા અને એમનો આશય એવો હતો કે સંમેલનમાં થનારી જાગૃતિ, ત્યાં આવનારા લોકોનો ધાર્મિક ઉત્સાહ અને તેમની નિખાલસતાની ગાંધીજીના હૃદય પર એવી ઊંડી છાપ પડશે કે તેઓ ખ્રિસ્તી થયા વિના નહિ રહે. ત્રણ દિવસ આ સંમેલન ચાલ્યું, પણ ગાંધીજી ખ્રિસ્તી ધર્મ તરફ વળ્યા નહિ.

બીજી બાજુ ગાંધીજીને દક્ષિણ આફ્રિકા બોલાવનાર અબદુલ્લા શેખ તેમને ઈસ્લામનો અભ્યાસ કરવા માટે લલચાવતા હતા અને ઈસ્લામ ધર્મની ખૂબીઓની ગાંધીજી આગળ ચર્ચા કરતા હતા. ગાંધીજીએ કુરાનનો અંગ્રેજી અનુવાદ વાંચવાનું શરૂ કર્યું હતું. વૉશિંગ્ટન અરવિંગે લખેલું હજરત મહંમદનું ચરિત્ર અને કાર્લાઈલની મહંમદસ્તુતિ વાંચ્યું હતું અને બીજાં ઈસ્લામિક પુસ્તકો પણ મેળવ્યાં. 'જરથુષ્ટ્રનાં વચનો' પુસ્તક વાંચી પારસી ધર્મનો પણ અભ્યાસ કરતા હતા.

ખ્રિસ્તી ધર્મ વિશે ગાંધીજીનો વિલાયતના ખ્રિસ્તી મિત્રો સાથે પત્રવ્યવહાર ચાલતો હતો. એમાં પણ એડ્વર્ડ મેટલૅંડ સાથે આ પત્રવ્યવહાર ઘણા વખત સુધી ચાલ્યો. આ સમયે હિંદુ ધર્મની ત્રુટિઓ ગાંધીજી સમક્ષ તરવરતી હતી, પરંતુ આ સમયે ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને કેટલાક પ્રશ્નો પૂછ્યા. ડર્બનમાં રહેલા ગાંધીજીએ આત્મા એટલે શું ? ઈશ્વર એટલે શું અને તે જગતકર્તા છે ? મોક્ષ એટલે શું ? અને મોક્ષપ્રાપ્તિ મળશે કે નહિ તે ચોક્કસ રીતે આ દેહમાં જાણી શકાય છે ? આર્યધર્મ એટલે શું ? ભગવદ્‌ગીતા એટલે શું ? ખ્રિસ્તી ધર્મ, બાઈબલ, જૂનો કરાર, વિશ્વની છેવટની સ્થિતિ, કૃષ્ણ અવતાર અને રામ અવતાર, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ વિશે પ્રશ્ન પૂછ્યા.

બીજા પત્રમાં ગાંધીજીની આત્મવિચાર કરવાની ઈચ્છાનો શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રત્યુત્તર પાઠવ્યો છે અને ત્રીજા પત્રમાં આર્ય આચારવિચાર વિશે લખ્યું છે. આ પત્રોમાં વિવિધ ધર્મો વિશે વિચારતા અને ધર્મના મર્મ અંગે તીવ્ર મથામણ અનુભવતા મહાત્મા ગાંધીજીને શ્રીમદે પ્રજ્ઞા અને અનુભવજ્ઞાનથી ઉત્તર આપ્યા છે.

ગાંધીજી પોતાની શંકાઓ એમની સમક્ષ મૂકતા. બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર ચલાવતા, પરંતુ રાયચંદભાઈના પત્રથી એમને કંઈક શાંતિ થઈ. રાયચંદભાઈએ એમને ધૈર્ય રાખવા અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. સર્વપ્રથમ 'ભગવદ્‌ગીતા' વાંચવા આપી જે સમય જતાં ગાંધીજીને માટે આત્માનું ઔષધ બની રહે છે.

આ ઉપરાંત 'પંચીકરણ', 'મણિરત્નમાળા', 'યોગવાસિષ્ઠનું મુમુક્ષુ પ્રકરણ', હરિભદ્રસૂરિનું 'ષડ્દર્શનસમુચ્ચય' જેવા ગ્રંથો આપ્યા અને તે ગાંધીજીએ વાંચ્યા પણ હતા. ગાંધીજીએ શ્રીમદ્‌ના 'વચનામૃત' અને 'મોક્ષમાળા' એ ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. આ વાંચનને પરિણામે નિષ્પક્ષપાતપણે વિચારતાં ગાંધીજીને પ્રતીતિ થઈ કે હિંદુ ધર્મમાં જે

સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે તેવું બીજા ધર્મોમાં નથી. આમ ગાંધીજીનો હિંદુ ધર્મ પ્રત્યેનો આદર વધ્યો. એની ખૂબી સમજવા લાગ્યા. ગાંધીજીએ નોંધ્યું છે કે, 'હિંદુ ધર્મમાં શંકા પેદા થઈ તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ છે.'

પ્રખર ગાંધીવાદી સંત મુનિ શ્રી સંતબાલજી કહે છે કે, 'આથી જ ગાંધીજી પોતાને સનાતની હિંદુ હંમેશાં માનતા રહેલા. ગાંધીજીને સાચા અર્થમાં ઓળખવા શ્રીમદ્ રાજચંદ્રના વિચારોને પાયામાં રાખવા પડશે.'

શ્રીમદે ગાંધીજીને લગભગ ૨૦૦ પત્રો લખ્યાની નોંધ મળે છે. ગાંધીજીએ એમના એક પ્રવચનમાં આનો ઉલ્લેખ કર્યો છે. જો એ પત્રો મળે તો અનેક આધ્યાત્મિક, વ્યાવહારિક અને મૂળભૂત પ્રશ્નોનો ઉકેલ મળી રહે.

એક સવાલ એવો જાગે કે જો ગાંધીજીના મનનું સમાધાન ન થયું હોત અને ગાંધીજીએ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો હોત તો શું થયું હોત ? તો હિંદુસ્તાનને સત્યાગ્રહ અને સ્વરાજ્યનું દર્શન કોણ કરાવત ? ગાંધીજી માઇકલ કે મહંમદ થયા હોત અને એ મોહનદાસ કરમચંદ ગાંધી રહ્યા તેની પાછળ શ્રીમદ્ રાજચંદ્ર જેવા આત્મજ્ઞાની પુરુષનો પ્રભાવ છે. ગાંધીજીએ લખ્યું છે કે, 'એમની તોલે આવે એવો એક પણ આત્મજ્ઞાની પુરુષ એમના જોવામાં આવ્યો નથી. તેઓ એમના કાળના ઉત્તમોત્તમ ભારતીય હતા. I consider him to have been 'Best Indian' of his time. ગાંધીજીએ કહ્યું કે શ્રીમદ્ રાજચંદ્રનું જીવવું એ જ મહાન સેવા ગણાય. મારા પર એમના ઘણા ઉપકાર છે.'

ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રજીના ગ્રંથો વાંચ્યા હતા એ શ્રીમદ્‌ના દેહવિલય પછી તેઓએ એક પ્રવચનમાં કહ્યું હતું, 'તેઓનાં પુસ્તકો મેં વાંચ્યાં છે અને તેણે મને સર્વોત્કૃષ્ટ શાંતિ આપી છે. જેને આત્મક્લેશ ટાળવો છે, જે પોતાનું કર્તવ્ય જાણવા ઉત્સુક છે તેને શ્રીમદ્‌નાં લખાણોમાંથી બહુ મળી રહેશે એવો મને વિશ્વાસ છે, પછી ભલે તે હિંદુ હોય કે અન્ય ધર્મી હો.'

શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વચ્ચે દયાધર્મની ચર્ચા ચાલતી રહેતી. એક વાર એવું પણ બન્યું કે બંનેએ લાંબી વિચારણાને અંતે સ્વીકાર્યું કે ચામડાં વિના ચલાવી શકાય નહિ, ખેતી જેવા ઉદ્યોગ તો ચાલવા જ જોઈએ, પરંતુ એય સાચું કે અનિવાર્ય હોય તો જ ચામડાંનો ઉપયોગ કરવો જોઈએ. આ અંગે શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી વચ્ચે બનેલા માર્મિક પ્રસંગનું ગાંધીજીએ આલેખન કરતાં લખ્યું, 'હું તો મૂળથી જ જરા કકરો રહ્યો. મેં પૂછ્યું કે તમારા માથે રહેલી ટોપીમાં શું છે ? એ પોતે (શ્રીમદ્ રાજચંદ્ર) તો આત્મચિંતનમાં લીન રહેનારા હતા. પોતે શું પહેરે છે, શું ઓઢે છે એના વિચાર કરવા બેસતા નહિ. માથે ટોપીમાં ચામડું છે એ તેમણે જોયેલું નહિ, પણ મેં બતાવ્યું કે તરત તેમણે ટોપીમાંથી ચામડું તોડી કાઢ્યું. મને કંઈ એમ નથી લાગતું કે મારી દલીલ એટલી સજ્જડ હતી કે તેમને સોંસરી ઊતરી ગઈ. તેમણે તો દલીલ જ કરી નહિ. તેમણે વિચાર્યું કે આનો હેતુ સારો છે. મારી પર પૂજ્ય ભાવ રાખે છે, તેની સાથે ચર્ચા શું કામ કરું ? તેમણે તો તરત ચામડું ઉતારી નાખ્યું, ને ફરી પાછું કદી ચામડું માથે પહેર્યું નહિ હોય એમ માનું છું.' ગાંધીજી કહે છે કે દયાધર્મનું સરસ માપ શ્રીમદ્ રાજચંદ્રએ એમને આપ્યું હતું અને એ ધર્મનું તેમની પાસેથી કૂંડાં ભરીને પાન કર્યું હતું.

❑

# (૯) જગત એ મૃત્યુનો મુલક છે

**– શ્રીમોટા**

સાબરમતી આશ્રમ,
તા. ૦-૭-૧૯૩૯

આપણી જેવી ભાવના હશે, તેવો ભાવ આપણને મોડો વહેલો થયા કરશે. તે ઉપરાંત આપણી જેવી માન્યતા હશે તેવા જ આપણે રહેવાના છીએ કે થવાના છીએ. પ્રત્યેક લાગણીઓ ભાવનાગત છે. એટલે આપણી જેવી જાતની ભાવના હશે, તેવી જાતની આપણને મળતા પ્રસંગો ઉપરથી લાગણીઓ ઉદ્‌ભવશે, તેથી સંસારમાં ભારે ઉલ્કાપાત દરેક ક્ષણે થઈ રહેલો છે, તે તોફાનનાં મોજાં આપણી સાથે અથડાયા વિના રહેવાનાં નથી. આપણે ગમે તેટલી મોટી રક્ષણની દીવાલ ખડી કરીશું તોપણ જગતની કારમી છાયાનો ઓળો આપણા ઉપરથી પસાર થયા વિના રહેવાનો નથી. એક દૃષ્ટિએ જોઈશું તો માલૂમ પડશે કે **જગત એ મૃત્યુનો મુલક છે.** આપણે લાંબો વિચાર કરી જોઈશું તો સમજાશે કે ધોમધખતી ધરણી કે લીલી હરિયાળી ભૂમિ એ બંનેના એકેએક રજમાં કોઈક ચેતનની રાખ જ ભરી પડેલી છે. જગતની માટીનો એક અણુ પણ એવો નથી કે જેની ઉપર મૃત્યુની છાયા ન હોય. આપણે હવાને તપાસો. વૈજ્ઞાનિકોએ પરમાણુ ને એનાથી પણ નાનાં 'ઍટમ' વગેરે શોધ્યા છે, ને તેઓ કહે છે કે એ બધામાં સ્વયંપ્રકાશિત શક્તિ પુરાયેલી છે. મૃત્યુની કારમી ઝડપમાં આવી ગયેલાં સ્થૂળ શરીરોનું ચૈતન્યતત્ત્વ આમ હવામાં રહ્યું, તો તે પણ મૃત્યુની જ છાયા છે નહિ તો બીજું શું ? પછી જુઓ આકાશ ! મૃત્યુની નજીક રહેલા માણસને પૂછી જોજો કે માનવતાની આખરી શાંતિ પારાવાર આકાશમાં કેવી રીતે પથરાયેલી છે ? આકાશતત્ત્વમાં જીવનમાત્રની આખરી સ્થિતિ ફેલાયેલી હોય છે, રહે છે. એ કોઈક મહાયોગી આપણને સમજાવી શકે, પણ એની ઝાંખી કોઈ પણ સાધુ હૃદયને ધ્યાન દ્વારા થઈ શકે છે.

પછી રહ્યાં પ્રકાશતત્ત્વ ને પાણી. એ બંનેમાં પણ પાર વિનાની ચેતનાશક્તિ ભરેલી છે. તે એક વખતે જગતમાં જીવરૂપે પ્રવર્તેલી હતી. આખા વિશ્વમાં પ્રતિક્ષણ નવું સર્જન થતું જણાય છે. તેનું રહસ્ય એ છે કે એક જ પરમતત્ત્વના રૂપરંગ બદલાયા કરે છે. તત્ત્વ તો એનું એ જ રહે છે. એને કદી બદલાવા કે વિકસવાપણું રહેતું જ નથી. જે પરમતત્ત્વ સર્વત્ર વિસ્તરેલું છે તે સ્વયંસિદ્ધ ને સંપૂર્ણ છે. તેમાં અંદર વસેલી ગૂઢ શક્તિને લીધે ફેરફારો થયા કરે છે.

**આવા નિરંતરના પલટાને આપણે જગત કહીએ છીએ.** આપણે જે કંઈ જોઈએ છીએ ને બીજી રીતે અનુભવીએ છીએ, એ બધું મૃત્યુથી વીંટળાયેલું છે. મૃત્યુમાંથી ઉદ્‌ભવીને મૃત્યુમાં શમે છે. માનવીએ જેને **મૃત્યુ** કહ્યું તે **આ પલટા સિવાય બીજું કંઈ જ નથી.** અત્યારે જે જે પળ વીતી રહી છે ને ભૂતકાળની અનંત છાયામાં જે જઈ રહી છે, તે પણ મૃત્યુ પામે છે. એક જ સ્થિર, શાંત, અચિંત્ય, અગમ્ય, એવું પરમતત્ત્વ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે. એ પરિવર્તનને આપણે મૃત્યુ કહીએ છીએ.

મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ. મનુષ્યે પોતાની નિર્બળતાની ક્ષણમાં એને ભયાનક વસ્તુ તરીકે ઓળખાવી. અને એ વિચાર કે લાગણીને એણે પોષ્યા કરી છે, એટલે મૃત્યુ માનવીની નજરે ખૂબ ભયંકર દેખાય છે. પણ એમાં સાચી વસ્તુ વિશેનું અજ્ઞાન જ છે. પ્રતિક્ષણ રહેલા વિશ્વમાં જીવનના જેટલું જ મહત્ત્વ ધરાવતી વસ્તુસ્થિતિ મૃત્યુમાં છે. જીવન અને મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે, ને જ્યાં જીવન છે ત્યાં

મૃત્યુનું પરિણામ પણ નિશ્ચિત છે. અથવા એમ કહી શકાય કે પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે, એટલે કે તેનું જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે. એટલે કે મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે. પણ તેમાં આપણે – માનવીએ – આકાશ પાતાળનો ભેદ પાડી નાંખ્યો છે, ને મૃત્યુ જેવી એક સામાન્ય અને સ્વાભાવિક સ્થિતિને આપણે આકરી કરી મૂકી છે. એ ઉપરથી સમજી શકાય કે હજી જગત કેટલું અજ્ઞાન દશામાં પડ્યું છે. મૃત્યુ તો જીવનતત્ત્વ જેટલું જ મંગલકારી છે.

મૃત્યુના સ્વરૂપને આવું ભયંકર માનવાના મૂળમાં અગમ્ય વિશેનો માનવીનો ભય રહેલો છે. અજાણમાં ભૂસકો મારતાં માનવી એના સ્વભાવ મુજબ ડરે છે. મૃત્યુનું સાચું દર્શન કરવા માનવી મથે છે. પણ તેની લેશ પણ ઝાંખી નથી થતી, ત્યારે તેને ભયાનક તરીકે પોકારી ઊઠે છે. જન્મની પૂર્વે ને મૃત્યુ પછી જીવનું શું થાય છે એ એને નથી સમજાતું ત્યારે વિવિધ કલ્પનામાંથી જીવનનો પલટો કરનાર મૃત્યુની સ્થિતિને માનવી ધિક્કારે છે, ને તેનાથી ભય પામે છે. જીવમાત્રને મૃત્યુનો ભય રહે છે. એ અગમ્ય પરિવર્તનથી – ન કલ્પી શકાય એવાં પરિણામથી હંમેશ કંપતો રહે છે. વળી માનવી એકની એક સ્થિતિમાં રહેવાને ટેવાયેલો છે. તેથી એને બીજી સ્થિતિમાં ફેરવાવું પસંદ પડતું નથી. એને બિચારાને સમજાતું નથી કે જેમ જન્મ એ વિશ્વક્રમમાં એક સ્વાભાવિક સ્થિતિ છે, તેમ મૃત્યુ પણ છે. એ જાણે કે ખરો કે ‘નામ તેનો નાશ’ છે, પણ તેમ છતાં એ સત્યની સદાય અવગણના કરીને પોતે જીવે છે.

મૃત્યુ પ્રત્યે માનવીને હંમેશાં અણગમો કે બીક રહ્યાં કર્યાં છે, તેનું કારણ તેની અપરિવર્તનશીલ મનોદશા છે. શક્ય ત્યાં સુધી ફેરફાર થવા દીધા વિના એકની એક સ્થિતિમાં પડ્યા રહેવું માનવીના સ્વભાવને ગમે છે. એની એ ઇચ્છાને આડે મૃત્યુ આવે છે. આપણે જાણીએ તો છીએ કે સમગ્ર સૃષ્ટિમાં બધું જ પરિવર્તન પામી રહ્યું છે. તોપણ આપણી આસપાસના જગતને ફેરફાર વિનાનું રાખવા ઇચ્છીએ છીએ. આ સ્થિતિમાં **મૃત્યુ એટલે અનિવાર્ય પરિવર્તન. એ પરિવર્તન થાય તેમાં માનવીનું કલ્યાણ થાય એવો હેતુ સમાયેલો હોવા છતાં એવા યોગ્ય ફેરફારને માનવી વધાવી લેતો નથી,** કેમ કે એણે પોતાની પરિસ્થિતિમાં પોતાના જીવનની વિવિધ શક્તિ ખર્ચી છે, કે ખર્ચવાની યોજના કરી છે, તેમાંથી વિવિધ પ્રકારનો રસ લીધો છે ને કંઈ કંઈ આશાઓ સેવી છે, એ બધું એક અજાણ ક્ષણમાં સદંતર અદૃશ્ય થઈ જાય એ માનવી કેવી રીતે સહન કરી શકે ? આપણી જીવનશક્તિની ઉપર પડેલા સંસ્કાર પ્રમાણે જગતની પાર વિનાની વસ્તુઓમાં આસક્તિ કેળવી, તેમાં રસ લીધો, એને આપણું સર્વસ્વ માની બેઠા. પરંતુ એના સ્વાભાવિક ક્રમ પ્રમાણે એ પરિવર્તન પામવાની સાચી ને અનિવાર્ય જગતની પરિસ્થિતિનો અસ્વીકાર કરવાની મનોદશામાં નર્યું અજ્ઞાન ને અંધાપો જ છે. હાડકાં ને ચામડાંના માળખાએ ઊભા કરેલા તરંગી જગતમાં હંમેશા રસ લેવાની ટેવ પડી ગઈ હોવાથી જે સાચી વસ્તુ છે એનું ભાન ભુલાઈ જાય છે ને પરિણામે આ દશા થાય છે.

**મૃત્યુની પાછળ શોક કરવાની વૃત્તિમાં તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોય.** મૃત્યુ પામેલાની સાથે બંધાયેલી આસક્તિ આપણી લાગણીઓને જાગ્રત કરી મૂકે છે અને ઘણી વાર તો આપણે આપણા કોઈ પણ પ્રકારના સ્થૂળ કે સૂક્ષ્મ સ્વાર્થનું છેદન સ્વજનના મૃત્યુમાં જોઈએ છીએ એટલે આપણા પોતાના સ્વાર્થ ખાતર જ રડતા હોઈએ છીએ – જોકે આટલું અંતર્દર્શન આપણામાં ન હોવાથી એનું ભાન પણ આપણને ત્યારે જાગેલું હોતું નથી. આપણે તો એમ માનતા હોઈએ છીએ

કે આપણું દુઃખ આપણા સ્વજન પ્રત્યેના સાચા પ્રેમને પરિણામે છે. આમ આપણી એ શોકની લાગણીમાં સાત્ત્વિકતા નથી. એવી શોકની લાગણીમાંથી કશું નવું સર્જન થતું નથી, એટલે કે નકારાત્મક લાગણીઓથી જીવનનો વિકાસ થતો નથી, માટે જ તો આપણે આપણી રચનાત્મક લાગણીઓ દ્વારા જીવનવિકાસ સાધવાનું રાખવું, અને આપણી નકારાત્મક લાગણીઓ પ્રત્યે પણ જો આપણે સાચી તટસ્થતા રાખી શકીએ તો તેનો પણ સદુપયોગ થઈ શકે એવું આપણને સૂઝે છે. પણ તેવી તટસ્થતા આપણને આધ્યાત્મિક માર્ગની શરૂઆતમાં હોતી નથી. માટે રચનાત્મક લાગણીઓ દ્વારા જીવનવિકાસ સાધવાનો રસ્તો વધારે સરળ ને શરૂઆત માટે સહીસલામત છે.

**મૃત્યુ એટલે એક મહાન અનિવાર્ય પરિવર્તન. આમ જોતાં જો ઊંડું વિચારીએ તો આપણી આગળપાછળનું બધું જ પરિવર્તનશીલ છે.** 'સંસાર' કે 'જગત'નો એક જ અર્થ 'જે સરે, જે જાય કે ચાલે તે.' તો પછી એ બધામાંથી જે પરિવર્તનશીલ નથી એવું આપણે ગ્રહણ કાં ન કરીએ ? કંઈ નહિ તો એવું ગ્રહણ કરવા તરફ આપણી દૃષ્ટિ કેંદ્રિત કાં ન રાખીએ ? કે પછી છતી આંખે દીવા લઈને આપણે કૂવામાં જ પડવાનું રાખવું છે ? જેને સહેજ પણ સમજણ નથી તે ભલે જગતના ગાડરિયા પ્રવાહમાં તણાયું જાય. તેનો દોષ નથી અથવા ઓછો છે એમ એક રીતે કહી શકાય, પણ આપણે એક વાર સમજ્યા ને તેમ છતાં તે પછી જીવનમાં ઉતારવાનું ન કરીએ તો આપણે કેવા કહેવાઈએ ? પ્રત્યેક ક્ષણે આપણે જીવનને ચેતનમાંથી મૃત્યુમાં લઈ જઈ રહ્યા છીએ. એ દશામાંથી ચાલો આપણે બધાં ભગવાનની કૃપાથી બચી જવાનો નિશ્ચય ને પ્રાર્થના કરીએ.

❑

## આત્મનિષ્ઠનાં લક્ષણ

એક વાત તમને અને પૂજ્ય કાકાને લખી દઉં કે હું સંતબંત નથી. હું તો કોઈ કશું નથી. કૃપા કરીને મને કશાની ગણતરીમાં ન ગણવો. હવે તેમના વિશેની ગેરસમજૂતી વિશે :- જે સંતલોક હોય છે ને જેમનો મને અનુભવ છે, તે આપણા વિશે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિશે ગેરસમજૂત કરતા હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય એનું 'સંત'નું લેબલ (પાછળ પૂંછડા તરીકે) ન લગાડી શકાય. કોઈ સંતના આપણે પરિચયમાં આવ્યા હોઈએ ને તે આપણને કહે છે, તે માત્ર આપણા જીવનનાં વલણ ને વળાંકોને ખ્યાલમાં રાખીને અને એને યોગ્ય રીતે મઠારાવવા તેમ તે કરતા હોય છે, કિંતુ તે વેળા તેવું તેમનું કહેવું આપણે ગળે ઊતરી શકતું નથી. આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર, અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં તેઓ ઊભેલા નથી. આપણાં સમજણ, માપ ને ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલાં હોય છે. ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યાં નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે, પરંતુ એ લોકને તેવું કશું હોતું નથી. પરંતુ એનો અર્થ એવો નથી કે તેવા લોકો અનૈતિક છે. પોતે જીવનની આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે; જેમ હોડીમાં બેસીને નદી પાર તર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનનો ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી.

❑



## મૌન અમર વાણી છે.

મૌન વિદ્યુતનો સતત શક્તિશાળી પ્રવાહ છે. વાણી, વિદ્યુતપ્રવાહમાં ભંગ પાડનાર પ્રકાશ છે. જ્ઞાની વાતો કરવા છતાં મૌની છે. એ કાર્યરત રહેતો હોવા છતાં સંપૂર્ણ શાંત છે. અને ધરતી ઉપર ચાલતો હોવા છતાં એ સદાય આકાશમાં વિહરતો હોય છે.

મૌન ચાર પ્રકારના છે. વાણીનું, દૃષ્ટિનું, કાનનું અને મનનું. મનનું મૌન વિશુદ્ધ અને સૌથી મહત્ત્વનું મૌન ગણાય છે. મૌન અમર વાણી છે. એ જ એકમાત્ર શબ્દ છે. મૌન હૃદય હૃદય સાથેનું સંભાષણ છે.

- શ્રીરમણ મહર્ષિ

*'ભગવાન રમણ મહર્ષિ', જીવન અને કાર્ય, પ્ર.આ., પૃ. ૧૬૧*

**HARIBHAV AUGUST - 2012**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014



આગમન : ૨૬-૮-૧૯૨૦
ગમન : ૩-૮-૧૯૮૯

આપણા એકબીજાના મિલન પાછળ ઋણાનુબંધ કામ કરે છે. એમાં સુખ દુ:ખના ક્ષણિક આવેશોમાં ન તણાતાં પરસ્પર આનંદ અનુભવીએ, એ જ હિતકર છે. વિચારનું સામ્ય અથવા પૂર્વભવના સંબંધનાં પરિબળોથી જીવાત્મા એકબીજા તરફ આકર્ષાય છે. પરસ્પર જોડાય છે. આ નરી વાસ્તવિકતાને સમજવામાં મુશ્કેલી ન પડવી જોઈએ.

- સ્વામી શ્રી કૃષ્ણાનંદજી

'સપ્તપર્ણ ભાગ-૨', પ્ર.આ., પૃ. ૯

Printed and Published by **Prabhudas Jani,** on behalf of ' **HARIWANI TRUST** '
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**

Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com